પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૮૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૪-૦૪-૨૦૨૩ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાતમાં ફરી માવઠાંની વકી

## પથી ૭ એપ્રિલે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં ફરી એકવાર ત્રણ દિવસ માવઠાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ૫, ૬ અને ૭ એપ્રિલના રોજ રાજ્યના કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાનમાં સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યમાં ત્રણ દિવસ વરસાદી વાતાવરણ રહેશે. કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, દ્વારકા, રાજકોટ, જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ભરૂચ, નર્મદા, તાપી સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. મનોરમા મોહંતીના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ એટલે કે ૫ થી ૭ એપ્રિલના રોજ રાજ્યના કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ૫ અને ૬ એપ્રિલના રોજ કચ્છ, મોરબી, જામનગર, રાજકોટ દ્વારકા, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં વરસાદ પડી શકે છે. જ્યારે ૭ એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, નર્મદા, તાપી સહિતના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

રાજ્યમાં માવઠાની વધુ શક્યતા કચ્છ અને ઉત્તર ગુજરાતમાં રહેશે. રાજ્યમાં વિવિધ શહેરોમાં તાપમાન



સામાન્ય રહેશે. હાલમાં અમદાવાદમાં ૩૬ ડિગ્રી જેટલું તાપમાન છે. માવઠા બાદ બેથી ત્રણ ડિગ્રી જેટલું તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. રાજ્યમાં માવઠાની સાથે ગરમીનું પ્રમાણ પણ યથાવત્ રહેશે, પરંતુ તાપમાન સામાન્ય જેટલું જ રહેશે. અમદાવાદમાં પણ છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ડિસ્ટર્બન્સની અસર આ વખતે ગુજરાતમાં વધુ થઈ છે જેના કારણે બેથી ત્રણ વખત ઉનાળાની સિઝન દરમિયાન પણ વરસાદ પડ્યો છે.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાનમાં સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યમાં ત્રણ દિવસ વરસાદી વાતાવરણ રહેશે.

એપ્રિલ મહિનાની શરૂઆત થતાં જ ગરમીની અસર શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ ૧ એપ્રિલના રોજ વડોદરાનું મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રી રહ્યું હતું. પાછલા બે દાયકા દરમિયાન શહેરમાં એપ્રિલ મહિનામાં ૪૪ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન નોંધાઈ ચૂક્યું છે.

અલ-નિનોની અસર હેઠળ આ વર્ષે એપ્રિલ મહિનો ગરમ રહી શકે છે. પરંતુ જો અરબી સમુદ્ર અને બંગાળની ખાડી વિસ્તારમાં દબાણને લઈને ચક્રવાતી અસર સર્જાય તો તેવા સંજોગોમાં આ સમય પૂરતું તાપમાનમાં થોડો ઘટાડો નોંધાઈ શકે છે. મધ્ય એપ્રિલ સુધીમાં ગરમીમાં ૧ થી ૩ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે, જે સામાન્ય સરેરાશ તાપમાન કરતાં સહેજ ઓછું હશે. આ સમયગાળામાં હીટવેવની શક્યતા દેખાતી નથી. જોકે માવઠાની શક્યતા છે.

હવામાન ખાતાના માસિક પૂર્વાનુમાન રિપોર્ટ મુજબ એપ્રિલમાં વડોદરામાં વાતાવરણ સાફ રહેવાની સંભાવના રહેલી છે. શહેરમાં એપ્રિલ મહિનામાં ૩ ડિગ્રી સુધી મહત્તમ પારો વધી શકે છે. મોટાભાગે એપ્રિલ મહિનામાં ૩૮ થી ૪૦ સે. તાપમાન વડોદરામાં નોંધાતું હોય છે. એસએસજીના આરએમઓ ડી.કે.હેલૈયાના અનુસાર, એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી કે તેથી વધે તો સામાન્ય રીતે શરીરમાં પાણીની ઊણપ, ઝાડા-ઊલટી જેવા કેસો જોવા મળી શકે છે.

કૃષિ વિશેષજ્ઞ ડો.નારણસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, એપ્રિલ મહિનામાં હવામાન વિભાગે માવઠાની આગાહી કરી છે. જો આગાહી મુજબ માવઠું પડ્યું તો ઘઉંના પાકને નુકસાન પહોંચી શકે છે. જેથી ઉત્પાદન પણ ઓછું થવાની સંભાવના રહે છે.

## ભારત સાથે ૨૫ વર્ષના વીજળી કરારની તૈયારીમાં નેપાળ : પ્રચંડ ભારત આવશે

નવીદિલ્હી,

નેપાળના ઊર્જા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, અમે ભારત માટે ૨૫ વર્ષના કરારને લઈ એક પ્રસ્તાવ તૈયાર કરી રહ્યા છે, પરંતુ આ પ્રસ્તાવ પર ભારત સંમત છે કે નહીં, તેના પર પણ ઘણું નિર્ભર રહેશે. મંત્રાલયના સચિવ દિનેશ ઘિમિરે જણાવ્યું કે, તેને લઈ ચર્ચા ચાલી રહી હતી પરંતુ વડાપ્રધાનની મુલાકાત પહેલાં તેને વિદેશ મંત્રાલયને એજેન્ડા બનાવવા માટે નથી મોકલાયો. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારના કરાર પર ત્યારે જ હસ્તાક્ષણ કરી શકાય છે, જ્યારે પ્રચંડના નવી દિલ્હી પહોંચતા પહેલાં ભારતીય પક્ષ અમલદારશાહી સ્તરે તેમની સંમતિ આપે. ફેબ્રુઆરીના અંતમાં ભારતમાં ઊર્જા સહયોગ પર સંચાલન સમિતિની ૧૦મી સચિવ સ્તરની બેઠક દરમિયાન નેપાળે આ પ્રકારની ડીલ પર પ્રસ્તાવ રાખ્યો હતો.

નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઈલેક્ટ્રિસિટી બિઝનેસના ડિરેક્ટર પ્રબલ અધિકારીએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નેપાળ એક પ્રસ્તાવ રજૂ કરશે, જેની ભારત તપાસ કરશે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં ફેબ્રુઆરીમાં જેએસસીની બેઠકમાં નેપાળ અને ભારતે ઢાલકેબાર-મુઝફ્ફરપુર ટ્રાન્સમિશન લાઈન દ્વારા વીજ આયાત અને નિકાસ ક્ષમતા ૬૦૦ મેગાવોટથી ૮૦૦ મેગાવોટ સુધી વધારવાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

ટનકપુર-મહેન્દ્રનગરથી ૭૦થી ૮૦ મેગાવોટ વીજળીની આયાત-નિકાસ માટે ૧૩૨ કેવી પાવર ટ્રાન્સમિશનના કરાર પણ બંને દેશો વચ્ચે થયા હતા. તેની સાથે વરસાદ દરમિયાન નેપાળથી બિહાર સુધી વીજળી પહોંચાડવા માટે જરૂરી તંત્ર સ્થાપિત કરવા માટે પણ સંમતી સધાઈ હતી.

હાલમાં નેપાળને ભારતના વીજળી બજારમાં ૧૦ હાઈડ્રોપ્રોજેક્ટ દ્વારા ઉત્પાદિત ૪૫૨.૬ મેગાવોટ વીજળી વેચવાની મંજૂરી છે. વીજળી નિકાસ કરવા માટે નેપાળ ભારતીય અધિકારીઓ પાસેથી વધુ પ્રોજેક્ટની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વર્તમાનમાં ભારત એ પ્રોજેક્ટ્સ પાસેથી વીજળી ખરીદવાની ના પાડી રહ્યું છે, જેમાં ચીનનું રોકાણ અથવા કોન્ટ્રાક્ટર સામેલ છે. નેપાળ ઉનાળાની ઋતુમાં વધારાની ઊર્જા ઉત્પાદન કરે છે, જ્યારે શિયાળામાં તેને ભારત પાસેથી વીજળી ખરીદવી પડે છે.

### ભૂટાનના રાજા જિગ્મે વાંગચુક ભારત આવ્યા

## ગયા અઠવાડિયે ભૂટાનના વડાપ્રધાને ડોકલામને ૩ દેશો વચ્ચેનો વિવાદ ગણાવ્યો હતો

નવીદિલ્હી,

ભૂટાનના ત્રીજા રાજા જિગ્મે વાંગચુક ત્રણ દિવસની મુલાકાતે ભારત આવ્યા છે. વિદેશ મંત્રી એસ જયશંકરે પોતાની મીટિંગનો ફોટો ટ્વીટ કરીને આ અંગે જાણકારી આપી છે. વાંગચુકની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભૂટાનના પીએમએ ગયા અઠવાડિયે ડોકલામને ત્રણ દેશોનો વિવાદ ગણાવ્યો હતો. તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન વાંગચુક વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. અહેવાલો અનુસાર, રાજા વાંગચુક સાથે ભૂટાનના વિદેશ વેપાર મંત્રી ટેન્ડી દોરજી અને શાહી સરકારના ઘણા વરિષ્ઠ મંત્રીઓ પણ ભારત આવ્યા છે. ભારતની



મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોના વિસ્તરણ પર વાતચીત થશે. આર્થિક સહયોગ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

ભૂટાને ૧૯૬૦ના દાયકામાં આર્થિક વિકાસ માટે તેની પ્રથમ પંચવર્ષીય યોજના શરૂ કરી હતી. જેનું સમગ્ર ફંડિંગ ભારતે કર્યું હતું. ૨૦૨૧માં, ભારત સરકારે ભૂટાન સાથે દ્વિપક્ષીય વેપાર વધારવા માટે ૭ નવા વેપાર માર્ગો ખોલ્યા હતા. તે જ સમયે, ભારતે ૧૨મી પંચવર્ષીય યોજના માટે ભૂટાનને ૪૫૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા.

ભારતની આઝાદી બાદ બંને દેશો વચ્ચે સંધિ થઈ હતી. તેમાં ઘણી જોગવાઈઓ હતી, જેમાંથી સૌથી મહત્ત્વની હતી સંરક્ષણ અને વિદેશી બાબતોમાં ભૂટાનની નિર્ભરતા વિશે. જો કે આ સંધિમાં સમયાંતરે ઘણા ફેરફારો થયા, પરંતુ આર્થિક સહયોગને મજબૂત કરવા અને વિસ્તરણ કરવા માટે સંસ્કૃતિ-શિક્ષણ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની જોગવાઈઓ યથાવત રહી.

ભારતનું અરુણાચલ પ્રદેશ ભૂટાનની પૂર્વ સરહદ સાથે જોડાયેલું છે. ચીનની યોજના અરુણાચલ પ્રદેશ પર કબજો કરવાની છે, જેથી તે ભૂટાનનો પાડોશી બની જાય. ચીન ભૂટાનના પશ્ચિમ ભાગમાં વ્યૂહાત્મક બિંદુઓને જોડવા માટે પહેલાથી જ મોટા પાયા પર રસ્તાઓનું નિર્માણ કરી રહ્યું છે.

અહેવાલો અનુસાર, ચીન ડોકલામથી ગામોચીન સુધી તેના રસ્તાઓને વિસ્તારવા માગે છે, જે હાલમાં ભારતીય સેના દ્વારા સુરક્ષિત છે. સિલિગુડી કોરિડોરની નજીક જવાનો ચીનનો પ્રયાસ ભારત અને ભૂટાન બંને માટે સુરક્ષા માટે ખતરો છે. ચીન આ પ્રદેશમાં તેની રેલ્વે લાઈનોનું નેટવર્ક વિસ્તરી રહ્યું છે, જે તેની સેનાને યુદ્ધના સમયમાં મોટો ફાયદો આપી શકે છે.

## ૩૬ લોકોનાં મોત બાદ ઈન્દોરના બેલેશ્વર મંદિર સુધી બુલડોઝર પહોંચ્યુ : મ્યુનિસિપલ કોર્પોરેશને ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યું

ઈન્દોર,

મધ્યપ્રદેશના ઈન્દોરમાં નગર નિગમે સોમવારે સવારે બેલેશ્વર મંદિરનો ગેરકાયદેસર રીતે બનેલો ભાગ તોડી પાડ્યો. રામનવમીના અવસરે આ મંદિરમાં પગથિયાની છત ધરાશાયી થવાથી ૩૬ લોકોનાં મોત થયાં હતાં. અતિક્રમણ હટાવવા માટે મહાનગરપાલિકાનો સ્ટાફ સવારે ૬ વાગ્યાથી જ મંદિરે પહોંચવા લાગ્યો હતો.

બજરંગ દળ અને હિંદુવાદી સંગઠનોના કાર્યકરોએ મંદિરનું અતિક્રમણ હટાવવાનો વિરોધ કર્યો હતો. મંદિરની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વહીવટીતંત્રે સુખલિયા અને ગદરખેડીમાં ધાર્મિક સ્થળોનું અતિક્રમણ પણ દૂર કર્યું હતું.ગુરુવારે રામનવમીના હવન દરમિયાન મંદિરની વાવ તૂટી પડતાં ૬૦ લોકો વાવમાં પડી ગયા હતા. કેટલાક લોકો જાતે જ બહાર આવ્યા અને ૨૦ લોકોને બચાવી લેવાયા.૧૨ લોકોને હોસ્પિટલમાંથી રજા, ૬ની સારવાર શરૂ

દુર્ઘટનામાં ઘાયલ થયેલા ૧૨ લોકોને ભંવરકુઆંની એપલ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હજુ ૬ લોકો દાખલ છે. દુર્ઘટનામાં મંદિર ટ્રસ્ટના સેક્રેટરી મુરલી સબનાની સામે હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. શનિવારે તેમના ડાબા ઘૂંટણનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમની સ્થિતિ પણ હાલ સ્થિર છે.

મંદિર જૂનું છે. તે પહેલાં ખૂબ નાનું હતું. તેના વિસ્તારની યોજના લગભગ ૨૫ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. વાવ બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. ટ્રસ્ટે વાવને ભર્યા વિના જ તેના ઉપર ટાઈલ્સ લગાવી દીધી હતી. એટલે કે જ્યાં લોકો દરરોજ દર્શન માટે ઊભા રહેતા હતા ત્યાં નીચેની જમીન ખોખલી હતી. અહીં રામનવમીની આરતી દરમિયાન ભીડ એકઠી થવાને કારણે આ દુર્ઘટના સર્જાઇ હતી

વર્ષો પહેલાં જે કૂવાને ભર્યા વિના જ બંધ કરી દેવામાં આવ્યો તેની પાસે જ બે વર્ષ પહેલાં નવું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાએ આ ગેરકાયદેસર બાંધકામ સામે વાંધો લીધો હતો, પરંતુ કાર્યવાહી કરી ન હતી.

મહાનગરપાલિકાએ કદી આ વાવ અંગે કોઈ સૂચના આપી નથી. તેમણે નવા બાંધકામને ગેરકાયદેસર ગણીને અટકાવવા જણાવ્યું હતું, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ પાછળ ભાજપના મોટા નેતાનું રાજકીય દબાણ હતું, અધિકારીઓ આ વાત સ્વીકારી રહ્યા છે.

## RBIએ નિરજ નિગમને નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા

મુંબઈ,

ભારતની કેન્દ્રીય બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સોમવારે જણાવ્યું હતું કે નીરજ નિગમને તાત્કાલિક અસરથી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે, નિગમ ગ્રાહક શિક્ષણ અને સંરક્ષણ વિભાગ, નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ, કાનૂની વિભાગ અને સચિવ વિભાગનું ધ્યાન રાખશે. ED તરીકે બઢતી મેળવતા પહેલા નિગમ આરબીઆઈની ભોપાલ પ્રાદેશિક કચેરીના વડા હતા.

કોર્પોરેશને રિઝર્વ બેંકની કેન્દ્રીય કચેરી તેમજ પ્રાદેશિક કચેરીઓમાં નિયમન અને દેખરેખ, માનવ સંસાધન વ્યવસ્થાપન, કેમ્પસ, ચલણ વ્યવસ્થાપન, બેંક ખાતા અને અન્ય ક્ષેત્રોમાં ત્રણ દાયકા કરતાં વધુ સમયથી સેવા આપી છે. નિગમે ભોપાલની બરકતુલ્લા યુનિવર્સિટીમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે, ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકિંગ એન્ડ ફાઈનાન્સના સર્ટિફાઈડ એસોસિયેટની વ્યાવસાયિક લાયકાત પ્રાપ્ત કરી છે.

## વડાપ્રધાન તેમના નામ આપો, અમે તેમની સામે કાર્યવાહી કરીશું': કપિલ સિબ્બલ



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'સોપારી' ટિપ્પણી બાદ રાજ્યસભાના સભ્ય કપિલ સિબ્બલે તેમને એવા લોકોના નામ પૂછવાનું કહ્યું કે જેમણે તેમની છબીને કલંકિત કરવા માટે સોપારી આપી હતી અને કહ્યું હતું કે "આપણે જોઈએ પરંતુ ટ્રાયલ ચાલવા દો. શનિવારે ભોપાલના રાણી કમલાપતિ રેલ્વે સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા બાદ પીએમ મોદીએ ત્યાં એકઠી થયેલી ભીડને સંબોધતા કહ્યું કે, "આપણા દેશમાં કેટલાક એવા લોકો છે જેઓ ત્યારથી જ સંકલ્પબદ્ધ છે. આ અને તેણે જાહેરમાં પણ વાત કરી છે.

તેઓએ તેમનો ઠરાવ જાહેર કર્યો છે કે તેઓ મોદીની છબીને બગાડવાનું ચાલુ રાખશે. આ લોકોને ટેકો આપવા માટે કેટલાક લોકો દેશની અંદર છે તો કેટલાક દેશની બહાર બેસીને પોતાનું કામ કરી રહ્યા છે.

આ ટિપ્પણીઓના જવાબમાં સિબ્બલે મોદીના આરોપને કહ્યું: 'તેમણે મોદીની કબર ખોદવાનો કોન્ટ્રાક્ટ દેશની અંદર અને બહાર કેટલાક લોકોને આપ્યો છે.' કૃપા કરીને અમને આ લોકો, સંસ્થાઓ અથવા દેશોના નામ જણાવો. આ કોઈ સત્તાવાર રહસ્ય ન હોઈ શકે. ચાલો તેમના પર કાર્યવાહી કરીએ.

## રાહુલ ગાંધીને ફરી જામીન મળ્યા : સજા પર સ્ટે અંગે ૧૩ એપ્રિલે સુનાવણી થશે જેમાં રાહુલ ગાંધીએ હાજર રહેવાની જરૂર નથી

સુરત,

સુરતની કોર્ટમાં કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી સામે ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ 'મોદી' અટક ધરાવતી વ્યક્તિઓ પર ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ૨૩ માર્ચે ચુકાદો આવ્યો હતો, જેમાં રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. આ ચુકાદા બાદ રાહુલ ગાંધીના વકીલે જામીન માગ્યા હતા અને તરત જ ૩૦ દિવસના જામીન આપવામાં આવ્યા હતા. સજાના બીજા જ દિવસે ૨૪ માર્ચે રાહુલ ગાંધીને સાંસદપદ ગુમાવવું પડ્યું હતું. હવે આજરોજ સાંસદપદ ગુમાવ્યાના ૧૧ દિવસ બાદ રાહુલ ચુકાદા સામે સુરતની સેશન્સ કોર્ટમાં અરજી કરવા આવ્યાં હતા. કોર્ટમાં રાહુલ ગાંધીની સજા પર સ્ટે પરની વધુ સુનાવણી ૧૩ એપ્રિલના રોજ હાથ ધરાશે.જ્યારે ફરિયાદીના વકીલે ૧૦ એપ્રિલ સુધીમાં કોર્ટમાં જવાબ રજૂ કરવાનો રહેશે. સેશન્સ કોર્ટે રાહુલ ગાંધીને ૧૫ હજારના જામીન ઉપર



મુક્ત કર્યા હતા. આ સંજોગોમાં નીચલી કોર્ટે રાહુલ ગાંધીને ૩૦ દિવસ માટે જામીન પર છોડ્યા હતા તે હુકમની જગ્યાએ સેશન્સ કોર્ટે રૂબરૂની અપીલનો જ્યાં સુધી નિકાલ ન આવે ત્યાં સુધી રાહુલ ગાંધીને સેશન કોર્ટે જામીન મુક્ત કર્યા છે.

કોર્ટમાંથી નીકળ્યા બાદ રાહુલ ગાંધીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કર્યું હતું. જેમાં લખ્યું હતું કે, યે મિત્રકાલ કે વિરુદ્ધ, લોકતંત્ર બચાને કી લડાઈ હૈ. ઈસ સંઘર્ષ મેં, સત્ય મેરા અસ્ત્ર હૈ, ઔર સત્ય હી મેરા આસરા !..

રાહુલ ગાંધીના વકીલ બી.એમ.માંગૂકિયાએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી આજે ૩ બાબતોને લઈને આવ્યાં હતાં. જેમાં અપીલ દાખલ કરવી, જામીન અને સસ્પેન્શન ઓફ કન્વીક્શન. આ ત્રણમાં અપીલ દાખલ થઈ છે. જામીન મળી ગયા છે અને ત્રીજું સસ્પેન્શન ઓફ કન્વીક્શન એટલે કે, સભ્યપદ માટેની જે વાત છે. તેની સુનાવણી આગામી ૧૩મીએ થવાની છે. રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં મળેલી સજા પર સ્ટેની અરજી કરવામાં આવી હતી. જેમાં કોર્ટ દ્વારા સજા પર સ્ટે રાખવાની સુનાવણી ૧૩ એપ્રીલના રોજ કરવામાં આવી છે. આરોપીના વકીલ દ્વારા આરોપીને કોર્ટમાં હાજર રહેવામાંથી મુક્તિ અંગેની માગ કરવામાં આવી હતી. જેમાં નામદાર કોર્ટે હાજર રહેવામાંથી મુક્તિ આપી છે. જે રાહુલ ગાંધી માટે રાહતના સમાચાર છે.

ફરિયાદી પક્ષના વકીલ કેતન રેશમવાલાએ જણાવ્યું હતું કે, નામદાર કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા છે. સજા મોફુકી બાબતે કોર્ટે અમને નોટિસ આપી હોવાનું માધ્યમો થકી જાણવા મળ્યું છે. અમને હજુ સુધી લીગલ નોટિસ મળી નથી. ૧૩ તારીખે અમે નામદાર કોર્ટમાં દલીલો રજૂ કરીશું. આવા સંજોગોમાં અમે સજા મોફૂકી ના થાય એવી દલીલો રજૂ કરીશું. નોટિસમાં શું પિટિશન મેમો છે?, અપીલ મેમો અને પ્રેયર પોર્શન છે તેનો અભ્યાસ કરીશું .૧૩ તારીખે દલીલો બાદ સ્થિતિ સ્પષ્ટ થશે કે કેસમાં શું થશે?

રાહુલ ગાંધીના વકીલ કિરીટ પાનવાલાએ જણાવ્યું હતું કે, આજે કોર્ટની પ્રોસિઝર માટે રાહુલ ગાંધી સુરત આવ્યાં હતાં. જેમાં તેમને કોર્ટ દ્વારા સજા પર સ્ટે મૂકવાની વધુ સુનાવણી ૧૩મી સુધી રાખવાની સુનાવણીની તારીખ અપાઈ છે. જ્યારે ફરિયાદ પક્ષ દ્વારા ૧૦મી અપ્રિલ સુધીમાં જવાબ રજૂ કરવાનો રહેશે. રાહુલ ગાંધી બરાબર ૩ વાગ્યાના ટકોરે કોર્ટ પરિસરમાં પહોંચ્યા હતાં. સુરત એરપોર્ટથી કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને રાજસ્થાન, છત્તીસગઢના મુખ્યમંત્રી સહિતના પૂર્વ મંત્રીઓ અને વકીલોના કાફલા સાથે બસમાં આવ્યાં હતાં. એરપોર્ટથી બસમાં પ્રિયંકા ગાંધીની બાજુમાં બેસીને આવ્યા બાદ કોર્ટની કાર્યવાહી પૂર્ણ કરીને ફરી એ જ બસમાં તેઓ એરપોર્ટ માટે રવાના થઈ ગયાં હતાં.

દરમિયાન સુરત ખાતે રાહુલ ગાંધીના સમર્થનમાં આવેલ કાર્યકર્તાઓને ડિટેઈન કરાયા હતા. મહિલા કાર્યકર્તાઓને પણ ડિટેઈન કરાઈ હતી.મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી આવેલા કોંગ્રેસ સેવા દળના કાર્યકર્તાઓને પણ ડિટેઈન કરાયા હતા.૫૦૦થી વધુ કાર્યકર્તાઓને ડિટેઈન કરાયા હતા. તમામ કાર્યકરો કોર્ટ બહાર રાહુલ ગાંધીના સમર્થનમાં આવ્યાં હતાં. ત્યારે રાહલુ ગાંધીના આગમન પહેલા તમામની અટકાયત કરી લેવામાં આવી છે. રાહુલ ગાંધીના સમર્થનમાં સુરત આવેલા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, દેશમાં અત્યારે ભાજપ શાસિત કેન્દ્ર સરકાર જોહુકમી ચલાવી રહી છે. દેશની સંસ્થાઓ પર ભાજપનું દબાણ છે. એજન્સીઓનો ખૂબ મોટા પાયે ગેરઉપયોગ થઈ રહ્યો છે. કોંગ્રેસના રાહુલ ગાંધીને દબાણીને અવાજને કુંઠિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ લોકો સત્ય હકીકત જાણે છે.વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, ચંદ્રકાંત શ્રીવાસ્તવ, પુષ્પાબહેન વાઘેલા સહિત કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો સવારે રવાના થયા હતા. પરંતુ. ભરૂચ પાસે ભરૂચ પોલીસે તમામ કાર્યકરોને ડીટેઈન કરી ભરૂચ હેડક્વાર્ટર ખાતે લઈ ગયા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ પોલીસની કામગીરી ઉપર દમનગીરી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.મુંબઈથી કોંગ્રેસના કાર્યકરો સુરત કોર્ટ પહોંચ્યાં હતાં. કોર્ટ પરિસર બહાર મોટી સંખ્યામાં આવેલા કોંગ્રેસના કાર્યકરોએ રાહુલ ગાંધી જીંદાબાદના નારા લગાવ્યાં હતાં.

## ૫ મહિનામાં ઓનલાઈન પેમેન્ટ અધધ ૧૪ લાખ કારોડને પાર થયું

નવીદિલ્હી,

સરકાર દેશની અર્થવ્યવસ્થાને ઝડપભેર વિકસિત કરવા માંગી રહ્યું છે ત્યારે આ કાર્યમાં સરકાર દ્વારા જે નોટ બંધી લગાવવામાં આવી તે ખરા અર્થમાં રંગ લાવી છે. સરકાર ના કેસ નાણાકીય વ્યવહારોના બદલે ડિજિટલ વ્યવહારને વધુ પ્રાધાન્ય આપી રહ્યું છે અને જેના ભાગરૂપે હાલ સમગ્ર ભારતમાં ડિજિટલ પેમેન્ટનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે.

સરકાર દ્વારા જે ડિજિટલ પેમેન્ટની સિસ્ટમ બનાવવામાં આવી છે તે અત્યંત અસર કરતા અને લાભદાય નીવડી છે ત્યારે હાલના છેલ્લા પાંચ માસની આંકડાકીય માહિતી મેળવવીએ તો ઓનલાઈન પેમેન્ટ ૧૪ લાખ કરોડને પાર પહોંચી ગઈ છે. માર્ચ મહિનામાં ૮૬૫ કરોડના વ્યવહારો થયા હતા એટલું જ નહીં માર્ચ ૨૦૨૩માં જે વ્યવહારો થયા તે ફેબ્રુઆરી ૨૦૨૩ ની સરખામણીએ ૧૩% વધુ થયા હોવાનું પણ સામે આવ્યું છે.

સૌથી મોટી ચોકાવનારી વાત તો એ છે કે માર્ચ ૨૦૨૨ માં જે ડિજિટલ વ્યવહારો થયા હતા તે આ વર્ષે માર્ચ મહિનામાં ૬૦ ટકા વધુ નોંધાયા છે અને જે વ્યવહારો થયા તેની વેલ્યુ ૪૫ ટકા વધુ છે. એનપીસીઆઈ દ્વારા જે આંકડો બહાર પાડવામાં આવ્યો છે તેમાં આઈ એમ પી એસ અંતર્ગત ૫.૫ લાખ કરોડના નાણાકીય વ્યવહારો થયા છે સામે ફાસ્ટેગમાં ૫૦૦૦ કરોડથી વધુના ડિજિટલ પેમેન્ટ થયા હોવાનું પણ સામે આવ્યું છે. સરકારનું માનવું છે કે લોકો વધુને વધુ ડિજિટલ પેમેન્ટ ને આવકારે અને કેશલેસ ઈકોનોમી બનવા તરફનું પ્રયાણ હાથ ધરે. સામે લોકો જે ડિજિટલ પેમેન્ટને અપનાવી રહ્યા છે તેમાં હવે લોકોને દિન પ્રતિદિન ભરોસો પણ એટલા જ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે અને તેના ભાગરૂપે હાલ લોકો વધુને વધુ કેસલેસ વ્યવહારો તરફ આગળ વધ્યા છે. સરકારની આ સિદ્ધિ અને લોકોમાં જાગૃતતા આવવાનું સૌથી મોટું કારણ નોટ બંધી છે જે ખરા અર્થમાં ડિજિટલ વ્યવહારોને તીવ્ર બનાવવા માટે રંગ લાવી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરની નાની ભુગેડી ગામે ગૌચર જમીન માંથી દબાણો દુર કરાયા

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગામે ગૌચર જમીન માંથી દબાણ દૂર કરીને માપણી કરી હદ પાળી નક્કી કરવામાં આવી. સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગ્રામ પંચાયતના લીલવાસર ફળિયામાં સૌથી જૂનો સર્વે નંબર ૨૧૭ ના અને નવો સર્વે નંબર ૯૮ અરજદાર સરકારી તંત્રને ગૌચર જમીન માંથી દબાણ દૂર કરવા માટે અને માપણી કરવા માટેની રજૂઆત કરી હતી અને લડત લડી હતી. આજે સરકારી તંત્ર દ્વારા સંયુક્ત તંત્ર મળીને નાની ભુગેડી ગામે પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે નાની


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ભુગડી ગામના લીલવાસર ફળિયામાં સૌથી જૂનો પ્રશ્નનો આખરે અંત આવ્યો તંત્ર દ્વારા આજે સર્વે નંબર નક્કી કરીને ગૌચર જમીનની માપણી કરવામાં આવેલી હતી. માપણી કર્યા બાદ હદ પાડ કરી ચૂનાનું માર્કિંગ કરવામાં આવેલું હતું અગાઉ પણ અરજદારી ગૌચર જમીનનું દબાણ દૂર કરવા માટે અરજી કરેલી હતી પરંતુ સર્વોપર થવાના કારણે હાલ પૂરતો તેને બંધ પડેલું હતું, પરંતુ આજ રોજ માપણી કરીને હદ પાડી નક્કી કરવામાં આવેલી હતી. આજે આ સંયુક્ત ઓપરેશનમાં સંતરામપુર તાલુકા વિકાસ અધિકારી મામલતદાર સંતરામપુર પોલીસ સ્ટેશનના પીઆઈ અને પોલીસ સ્ટાફ તાલુકા પંચાયત સ્ટાફ ભેગા મળીને આજે ગૌચર જમીન માંથી દબાણ દૂર કરી હદ પાડી નક્કી કરાઈ.

## દાહોદ નામદાર મજુર અદાલત દ્વારા ફોરેસ્ટ વિભાગમાં
# નોકરી કરતા ગુજરનાર ના વારસ માતાને રૂપિયા ૩ લાખ ૭૦ હજાર અને પર રૂપિયા ચૂકવવા અને તે રકમ ઉપર ૬ ટકા વ્યાજ ચૂકવવાનો અદાલતના આખરી આદેશ

દાહોદ,
દાહોદ જિલ્લાના ફોરેસ્ટ વિભાગની નાયબ વન રક્ષક સામાજિક વર્ગીકરણ વિભાગ દાહોદના તાબા હેઠળની કચેરી પરિક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ સંતરામપુર મુકામે તારીખ ૧૬/૧૨/૯૪ થી વોચમેન તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ પરમારને સંસ્થાએ તેમની નોકરી માંથી તારીખ ૨૮/૨/૯૮ ના રોજ થી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ એ બાબતે અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ દ્વારા દાહોદ લેબરકોટ કોર્ટમાં પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કેસ દાખલ કરેલ. જે કેસ ચાલી જતા બંને પક્ષકારોની દલીલ સાંભળી અદાલતે અરજદારને તેમની નોકરીમાંથી છૂટા કરવાનું પગલું આઈડી કલમ ૨૫ એચ અને ૨૫ એફનો ભંગ કર્યાનું જાહેર કરી અરજદારને નોકરી માંથી ગેરકાયદેસર છુટા કરેલ હોય તેઓને સળંગ નોકરી ગણી પડેલા દિવસોના ૪૦% પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો આદેશ કરેલ. જે આદેશ હોવા છતા વન વિભાગે આદેશ મુજબ ફરજ ઉપર ખૂબ જ મોડા હાજર કરેલ જેને લઈ અરજદારે પડેલા દિવસનો પગાર અને મોડા હાજર કર્યા તે બાબતનો બાકી નીકળતો પગાર રકમ મેળવવા માટે દાહોદ લેબર કોટ સમક્ષ અરજદારે દાહોદ વસુલા અરજી ૫/૧૮ દાખલ કરેલ. જે ચાલી જતા માગ્યા મુજબની રકમ ચૂકવવાના નામદાર અદાલતે આદેશ કરેલ પરંતુ વન વિભાગ તરફથી અરજદારને પૂરેપૂરી રકમ ચૂકવવાની જગ્યાએ અધૂરા અને અપૂરતા નાણા ચૂકવેલ ત્યારબાદ અરજદારનું અચાનક તારીખ ૨૨/૮/૨૨ ના રોજ અવસાન થયેલ જેને લઈ બાકી નીકળતી રકમ મેળવવા તેમની સીધી લીટીના વારસ તરીકે ગુજરનારની માતૃ સવિતાબેન.વી.પરમાર દાહોદ લેબર કોર્ટ સમક્ષ વસુલાત અરજી નંબર ૨૯ /૨૨ દાખલ દાખલ કરેલ. જે અરજી ચાલી જતા અરજદાર સવિતાબેન પરમાર તરફે કોર્ટ સમક્ષ એ.એસ. ભોઈ એ દલીલો કરેલ. બંને પક્ષકારોની દલીલો ધ્યાને લઈ નામદાર મંજૂર અદાલત દાહોદના ન્યાયાધીશ ડીજે ચૌહાણે તારીખ ૧૦/૩/૨૩ નારોજ આખરી હુકમ કરતા ગુજરનારના વારસ માતૃને સામાવાળાએ. રૂપિયા ત્રણ લાખ ૭૦ હજાર અને પર રૂપિયા અને તે રકમ ઉપર છ ટકા બેન્કેબલ વ્યાજની રકમ તદુપરાં ખર્ચ પેટે રૂપિયા ૧૦૦૧ ગુજરનારના વારસને ચૂકવી આપવાનો આખરી આદેશ કરેલ છે હુકમ મુજબની રકમ અત્રેની કોર્ટમાં જમા કરાવવા નો આદેશ કરેલ છે જે આદેશનો અમલ દિન ૩૦માં કરવામાં નહીં આવે તો હુકમ મુજબની રકમ રેવન્યુ રાહે વસૂલ કરવા રિકવરી સર્ટી કાઢી તેની બજવણી કરવા ઓથોરિટીને મોકલી આપવાનો પણ આદેશ કરેલ છે જે આદેશથી ગરીબ અને નિરાધાર પરિવારે રાહતની લાગણી અનુભવી છે.

# ફતેપુરા તાલુકામાં એક્સપાયરી ડેટવાળા તેલના ડબ્બાનું ખુલેઆમ વેચાણ કરી આરોગ્ય સાથે ચેડા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ફતેપુરા તાલુકામાં એક્સપાયરી તારીખ હટાવી નવી તારીખ માર્કરથી લખીને તેલના ડબ્બા ખુલેઆમ વેચી લોકોના આરોગ્ય સાથે ચેડા કરાઈ રહ્યા છે.

ફતેપુરા તાલુકામાં અનેક વખત એક્સપાયરી ડેટવાળી ખાદ્યચીજ વસ્તુ વેચતા હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે. જેને લઈને અનેક વખત તંત્રને એક્સપાયરી ડેટને લઈને તપાસ માટે આવેદન આપી રજુઆત કરવામાં આવી છે. ફતેપુરા તાલુકામાં કેટલાક વેપારીઓ એક્સપાયરી ડેટવાળી ખાદ્ય ચીજવસ્તુઓ વેચતા હોવાનુ સામે આવ્યુ છે. વલુન્ડા ગામના એક પરિવાર ફતેપુરાના વેપારી પાસેથી તેલનો ડબ્બો ખરીદ્યો હતો. જે તેલથી રસોઈ બનાવતા રસોઈ આરોગ્યા બાદ ઉલ્ટીઓ થઈ હતી જોકે પરિસ્થિતિ ગંભીર બની ન હતી. ત્યારે જાગૃત નાગરિકે ઘરમાં વપરાતો તેલનો ડબ્બો જોતા તેની ઉપર તારીખ અને ભાવ માર્કરથી બદલેલો જોવા મળતા ચોંકી ઉઠ્યા હતા. ડબ્બા ઉપરથી એક્સપાયરી ડેટ ૨૦૧૯ની હતી અને જેના ઉપર હાથથી લખેલુ હતુ અને ભાવમાં છેડછાડ કરી હાલની કિંમત માર્કરથી લખી નાંખી હતી.

# દાહોદ જિલ્લામાં વનવિભાગ દ્વારા ચાર તાલુકાના લાભાર્થીઓને ૩૩ લાખનું ઘાસ વિતરણ કરાયુ

દે.બારીઆ,
ઝાલોદ, દાહોદ, ગરબાડા, સંજેલી અને લીમખેડા તાલુકામાં ઘાસબીડનો વિસ્તાર આવેલો છે. જેમાં રાપુરા ગ્રાસબીડ તરીકે ઓળખાતી ૪૪૦૦ હેક્ટર સળંગ આવેલો છે. આ વિસ્તારમાંથી દર વર્ષે વનવિભાગ દ્વારા ૨૫ થી ૩૦ લાખ કિલો જેટલુ ઘાસ એકત્રિકરણ કરવામાં આવે છે.જેમાં વનવિભાગ દ્વારા ચાર તાલુકાના લાભાર્થીને રૂ.૩૩ લાખના ઘાસનુ વિતરણ કરવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે.

આ વિસ્તારમાં અતિ દુર્લભ ખડમોર સહિત ૧૭૫ જેટલી પક્ષીઓની જાતો જોવા મળે છે. સાથે ઘાસબીડ અને આજુબાજુના વિસ્તારમાં દિપડા, નીલગાય, ભુંડ, વનીચોર, શિયાળ, ઝરખ, અજગર જેવા વન્યપ્રાણી જોવા મળે છે. ખુબ જ જૈવિક વિવિધતા ધરાવતો આ વિસ્તાર દાહોદ ટાઉનથી ૪ થી ૫ કિ.મી.ના અંતરે આવેલો છે. ચાલુ વર્ષ એટલે કે ૨૦૨૨/૨૩ના વર્ષમાં ૨૪ લાખ કિલો ઘાસ એકત્રિકરણ કરવામાં આવેલ છે. જેનો સંગ્રહ વનવિભાગના દાહોદ, રામપુરા, લીમખેડા, અને બારીયા ખાતે આવેલ ઘાસ ગોડાઉનમાં કરવામાં આવેલો હોવાનુ ના.વનસંરક્ષક આર.એમ.પરમારે જણાવ્યુ છે. હાલમાં ૮૦ લાખ કિલો ઘાસ ગોડાઉનમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. આ ઘાસ જરૂરિયાત મુજબ અછતના સમયે સમગ્ર રાજયના વિસ્તારમાં આપવામાં આવે છે. આ વર્ષે ચોમાસા પછી પરીપક્વ થયેલ ઘાસ વનવિભાગ દ્વારા ૨૪ લાખ કિલો જેટલો જથ્થો એકત્રિકરણ કરી બાકી રહેતુ ઘાસ કુલ ૬.૮૦ લાખ કિલો જેટલુ વિના મુલ્યે વાઢકામ કરી કુલ ૧૪૬૦ લાભાર્થી દ્વારા તેમના ઉપયોગ માટે એકત્રિકરણ કરી લઈ ગયા છે.

# દાહોદ જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭ એપ્રિલ તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬ એપ્રિલે યોજાશે

મહિસાગર,
મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થયો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકા માટે એપ્રિલ-૨૦૨૩ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૦૪/૨૦૨૩ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૦૪/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે એપ્રિલ-૨૦૨૩ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ -૧ કક્ષાના અધિકારીઓ સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી "મારી અરજી તાલુકા અથવા જિલ્લા સ્વાગતમાં લેવી" તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૪/૨૦૨૩ સુધીમાં મળેલ અરજીને તાલુકા તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.તેમ નિવાસી અધિક કલેક્ટર મહિસાગર-લુણાવાડા ની અખબારી યાદીમા જણાવેલ છે.

# બાલાસિનોરમાં હડકાયા કુતરાઓનો આતંક : ૨૦ લોકોને કુતરાઓએ ભોગ બનાવ્યા

બાલાસિનોર,
રાજ્યમાં રખડતા પશુઓની સાથે સાથે રખડતા કુતરાઓના કહેરથી પણ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગમે ત્યારે આક્રંદ કરીને જગાડી દેતા શ્વાનો પગપાળા જતા લોકોને રીતસર દોડાવી રહ્યા છે. અથવા વ્હાલ કરી લેતા હોઈ લોકોમાં ભય ફેલાયો છે. ત્યારે પાલિકા શ્વાનને પકડીને દુર છોડી મુક્વાની કામગીરી આરંભે તેવી લોકોની લાગણી અને માંગણી છે. ત્યારે બાલાસિનોર શહેર અને પંથકમાં દિવસે ને દિવસે રખડતા શ્વાનના કરડવાની સમસ્યા વધી રહી છે ત્યારે નગરના હોળી ચકલા વિસ્તારમાં થોડાક દિવસો પહેલા એક હડકાયા કુતરાએ ૭ થી ૧૦ લોકોને બચકા ભર્યા હતા. અને હવે બાલાસિનોરના બસ સ્ટેન્ડ નજીક આવેલ રોહિતવાસમાં એક શ્વાન હડકાયુ થતાં ૩ દિવસમાં ૨૦થી વધુ લોકોને કરડી ઘાયલ કર્યા હતા. ત્યારે સ્થાનિક રહિશોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અને પગપાળા જતા લોકો પણ હડકાયા કુતરાને જોઈને નાસભાગ કરી મુકેછે. સ્થાનિક રહિશ પ્રફુલભાઈ ગોહિલે જણાવ્યુ હતુ કે, રોહિતવાસ તેમજ પ્રણામી મંદિર વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૦થી વધુ લોકોને હડકાયુ કુતરૂ કરડવાથી ઘાયલ થયા છે. સરકારી દવાખાને જઈને ઈલાજ કરી રસી મુકાવી છે. આ વિસ્તારમાં શ્વાનને જોતા જ લોકો નાસભાગ કરે છે.

# ગરબાડા CHCમાં ઓર્થોપેડિકની સુવિધાના અભાવે દર્દીઓ પરેશાન

ગરબાડા,
ગરબાડા તાલુકાનુ સૌથી જુનુ એકમાત્ર સામુહિક આરોગ્ય કેન્દ્ર વર્ષોથી કાર્યરત છે. પણ આ દવાખાનામાં આજેપણ અમુક સુવિધાઓની અછત જોવા મળી રહી છે. આ વિસ્તારમાં રોડ અકસ્માતના પણ અનેક બનાવ બને છે ત્યારે ઈજાગ્રસ્ત દર્દીઓને ઓર્થોપિડિકની સારવાર માટે છેક દાહોદ સુધી લંબાવવુ પડે છે. ગરબાડા તાલુકાના અને મધ્યપ્રદેશના દર્દીઓ પણ સારવાર માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર ગરબાડામાં આવતા હોય છે. હાલમાં અકસ્માતના અનેક બનાવો બની રહ્યા છે. ત્યારે આજેપણ એક બાઈક અને પીકઅપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈકચાલકને પગના ભાગે ફ્રેક્ચર થતાં તેને ગરબાડા હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો. જ્યાં ઈજાગ્રસ્તને સારવાર ન મળતા તેને વધુ સારવાર માટે ૧૦૮ મારફતે દાહોદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઉલ્લેખનિય છેકે,ગરબાડા-દાહોદ નેશનલ હાઈવે પર અવાર નવાર અકસ્માતોની ઘટના બનતી હોય છે. અને ગરબાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ઓર્થોપિડિકની સુવિધા ન હોવાના કારણે ઈજાગ્રસ્તને દાહોદ ઝાયડ્સ હોસ્પિટલ ખાતે અથવા તો પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવશે, સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીની મુલાકાતે

દમણ,
આગામી ૧૭મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યના પડોશમાં આવેલા નાનકડા સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન આ પ્રદેશમાં વિકાસના અનેક કામોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરવા જઈ રહ્યા છે. આથી પ્રદેશમાં ઉત્સાહનો માહોલ છે. આજે દમણ દીવ અને દાદરાનગર હવેલીના પ્રશાસક પ્રફુલ પટેલની આગેવાનીમાં દમણમાં એક બેઠક યોજાઈ હતી. જેમાં પીએમ ની મુલાકાત ને યાદગાર બનાવવા વિવિધ કાર્યક્રમોના આયોજન માટે બેઠક મળી હતી. જેમાં આ પ્રદેશના રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં લોકો સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્ર સહિત પ્રદેશના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર તાલુકામાં ઉનાળાની શરૂઆતથી જ નદીનાળા અને તળાવો સુકાયા

સંતરામપુર,
સંતરામપુર તાલુકામાં ગ્રામજનો સૌથી વધુ વધારે પશુપાલન અને ખેતી ઉપર નિર્ભર રહેતા હોય છે. ચોમાસા દરમિયાનમાં વરસાદનુ પ્રમાણ ઓછુ હોવાના કારણે નદીનાળા તો ભરાયા પરંતુ પાણીનો સંગ્રહ ન થયો અને ગરમીની મૌસમ શરૂ થતાં પહેલા જ ગામડાની દરેક જગ્યાએ નદીનાળા કોતર સુકા ભઠ્ઠ જોવા મળી રહ્યા છે. મોટાભાગના ખેડુતો ગ્રામ્ય વિસ્તારમાં નદીમાં રહેતુ પાણી અને તળાવમાં તેનો ઉપયોગ શિયાળા રવિ પાક માટે કરતા હોય છે. અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની અંદર તળાવમાં પાણીનો સંગ્રહ થતો જ નથી. મુંગા પશુઓને પાણી પીવડાવવા માટે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થતો હોય છે.

હાલમાં સંતરામપુર તાલુકાના બટકવાડા પાદેડી ટીંબરવા અલગ અલગ ગામોમાં જ્યાં વસ્તીનુ ધોરણ સૌથી વધારે અને અત્યારથી જ પાણી માટે પરિસ્થિતિ ગંભીર જોવા મળે છે. આ જ રીતે સંતરામપુરમાં પણ આવેલી સૌથી બે મોટી નદી ચીભોટા અને લીસરી સુખી આ નદીઓ સુકાઈ જતા રમવાનુ મેદાન જોવા મળી રહ્યુ છે. તંત્ર દ્વારા ઉનાળાની શરૂઆત થયેલા પહેલા પશુઓ માટે અને પીવા માટે પાણીની વ્યવસ્થા થાય ગામડાના લોકો ઉચ્ચકક્ષાએ પણ આ બાબતે રજુઆત કરવામાં આવી હતી.

# વિરપુરમાં ખટારીયા ગામે ખેતીકામથી પરત ફરી રહેલા ખેડુતનું આકસ્મિક મોત

વિરપુર,
વિરપુર તાલુકાના ખટારીયા ગામે ખેતરમાં ખેતીકામ કરી ઘરે પરત આવી રહેલા ખેડુતનુ રસ્તામાં અચાનક અવસાન થતાં પરિવારજનોએ મોત અંગે શંકા વ્યક્ત કરતા પોલીસે મૃતદેહનુ પી.એમ.કરાવી તપાસ હાથ ધરી હતી. વિરપુર તાલુકાની સાલૈયા પંચાયતના તાબામાં આવેલા ખટારિયા ગામે રહેતા રમેશભાઈ શિવાભાઈ પરમાર (ઉ.વ.૫૦) ખેતીકામ કરી પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. દરમિયાન તેઓ રોજીંદા કામ પ્રમાણે ખેતરમાં કામ પતાવી ઘર તરફ પાછા આવી રહ્યા હતા તે સમયે રસ્તામાં તેમનુ અચાનક મોત નીપજ્યું હતુ. જે બાબતે તેમના પરિવારજનોને જાણ થતાં રમેશભાઈના આકસ્મિક મોત અંગે શંકા વ્યકત કરી બનાવ અંગે વિરપુર પોલીસ મથકે જાણ કરતા પોલીસે મૃતક રમેશભાઈની લાશને સરકારી દવાખાને મોકલી પોસ્ટમોર્ટમ કરાવી લાશને પરિવારજનોને સોંપી હતી. હવે તેમના પી.એમ.રિપોર્ટ બાદ વિરપુર પોલીસ તે દિશામાં આગળ તપાસ હાથ ધરશે.

# દાહોદ કલેકટરની અધ્યક્ષતામાં વાયરસ હિપેટાઈટીસ કંટ્રોલ મીટીંગ યોજાઈ

દાહોદ,
નેશનલ વાયરલ હિપેટાઇટીસ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત તા.૦૧-૦૪-૨૦૨૩ નારોજ કલેટરના અદયક્ષતા હેઠળ કમિટીની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં કલેક્ટર, CDHO, RCHO, ઈન્ચાર્જ DTO, ઝાયડસ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ડ, જ. હો. દાહોદના RMO, સબજેલ દાહોદના ગોપાલ, ડો. કમલેશ નિનામા ફિઝિશીયન, ડો. નરેશ નિનામા, મેન્ટલ ઓફિસર, ART સેન્ટરના મેડિકલ ઓફિસર, જી.પ.દાહોદના DFO તેમજ કમિટીના તમામ સભ્યો હાજર રહેલ હતા. પ્રોગ્રામ અંતર્ગત કમિટી મુજબ કઇ રીતે અને કયું કામ કોને કરવું તેના માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે. જીવનસાથી સાથે મળીને તમે તેમના કામમાં મદદ થશો.

વૃષભ : આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. દિવસની શરૂઆતમાં પત્ની સાથે ચાલી રહેલા વિવાદનો અંત આવી શકે છે. સાંજે ક્યાંકથી એવા સમાચાર આવી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે. વેપારીઓમાં કોઈની સાથે વિવાદ થઈ શકે છે. વિવાહિત જીવનમાં સુમેળ જાળવશો.

કર્ક : આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ઘરમાં પત્ની અથવા બાળકોના અચાનક બગડતા સ્વાસ્થ્યને કારણે થોડો તણાવ હોઈ શકે છે, પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

સિંહ : આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો. જૂની બાબતોને ભૂલી જવું અને આગળ વિચારવું અને તમારા ભવિષ્ય માટે યોજનાઓ બનાવવી સારી રહેશે.

કન્યા : આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડો ભાગદોડ થઈ શકે છે.

તુલા : આજે તુલા રાશિના લોકો માટે ખૂબ જ શુભ દિવસ છે અને આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

વૃશ્ચિક : આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે. સાંજે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય આપવામાં સમર્થ હશો.

ધન : આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે. ઓફિસમાં તમને પ્રમોશનની તકો મળશે અને પૈસા કમાવવાના નવા માધ્યમો મળી શકે છે.

મકર : તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે. ઉદ્યોગપતિઓનું કામ ફરી એકવાર આગળ વધી શકે છે. કાર્યક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે.

કુંભ : આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે.

મીન : આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે. માન, પ્રતિષ્ઠા વધશે અને સાંજે તમે ભેટ મેળવી શકો છો અથવા તમે સારું ભોજન મેળવી શકો છો.

# કોઈ પણ ભ્રષ્ટ વ્યક્તિ બચવો ન જોઈએ : જેમના પર કાર્યવાહી કરવાની છે તેઓ ખૂબ શક્તિશાળી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સીબીઆઈના ૬૦ વર્ષ પૂર્ણ થવા પર આયોજિત ડાયમંડ જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપી હતી. પોતાના ૨૫ મિનિટના સંબોધનમાં વડાપ્રધાને સીબીઆઈની છ દાયકાની સફર અને આગળના પડકારો વિશે વાત કરી. તેમણે સીબીઆઈને કહ્યું કે, તમારે ક્યાંય રોકવાની જરૂર નથી. હું જાણું છું કે તમે જેમની વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા છો તેઓ ખૂબ જ શક્તિશાળી લોકો છે, તેઓ વર્ષોથી સરકાર અને સિસ્ટમનો હિસ્સો છે. આજે પણ તેઓ ઘણી જગ્યાએ અમુક રાજ્યમાં સત્તાનો હિસ્સો છે, પરંતુ તમારે તમારા કામ પર ફોકસ રાખવું પડશે, કોઈપણ ભ્રષ્ટાચારીને બક્ષવામાં નહીં આવે.



વડાપ્રધાને આ કાર્યક્રમમાં ડાયમંડ જ્યુબિલી માર્ક અને પોસ્ટલ સ્ટેમ્પ વાળો સિક્કો લોન્ચ કર્યો. આ સાથે શિલોંગ, પુણે અને નાગપુરમાં સીબીઆઈ શાખા કચેરીઓની નવી ઈમારતોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાને આ પ્રસંગે જણાવ્યું હતું કે સીબીઆઈએ દેશની પ્રીમિયમ તપાસ એજન્સી તરીકે ૬૦ વર્ષની સફર પૂર્ણ કરી છે. આ ૬ દાયકામાં સીબીઆઈએ બહુ-આયામી અને બહુ-શિસ્તકીય તપાસ એજન્સી તરીકે પોતાની ઓળખ બનાવી છે, આજે સીબીઆઈનો વ્યાપ વિશાળ બની ગયો છે. સીબીઆઈએ મહાનગરથી જંગલ સુધી દોડવું પડે છે.

પીએમએ કહ્યું કે સીબીઆઈએ તેના કામ દ્વારા લોકોના મનમાં વિશ્વાસ જગાડ્યો છે. લોકો અન્ય એજન્સીઓ પાસેથી સીબીઆઈને કેસ ટ્રાન્સફર કરવા માટે આંદોલન કરે છે. પંચાયત સ્તરે પણ જ્યારે કોઈ કેસ આવે છે ત્યારે લોકો કહે છે કે તેને સીબીઆઈને સોંપી દેવો જોઈએ. ન્યાયની બ્રાન્ડ તરીકે સીબીઆઈનું નામ દરેકની જીભ પર છે.પીએમ મોદીએ કહ્યું કે સીબીઆઈની મુખ્ય જવાબદારી દેશને ભ્રષ્ટાચારથી મુક્ત કરવાની છે. ભ્રષ્ટાચાર એ સામાન્ય ગુનો નથી. ભ્રષ્ટાચાર ગરીબોના અધિકારો છીનવી લે છે અને અનેક ગુનાઓને જન્મ આપે છે. લોકશાહી અને ન્યાયના માર્ગમાં ભ્રષ્ટાચાર સૌથી મોટો અવરોધ છે. જ્યાં ભ્રષ્ટાચાર છે ત્યાં યુવાનોને યોગ્ય તકો મળતી નથી. ભ્રષ્ટાચાર પ્રતિભાનો સૌથી મોટો દુશ્મન છે અને અહીંથી જ ભાઈ-ભત્રીજાવાદ અને પરિવારવાદ મજબૂત થાય છે.

પીએમ મોદીએ કહ્યું કે ભ્રષ્ટાચારે આપણી અર્થવ્યવસ્થાનો આધાર એટલે કે બેંકિંગ સિસ્ટમને બરબાદ કરી દીધી છે. વર્ષોથી, અમે આપણા બેંકિંગ ક્ષેત્રને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે સખત મહેનત કરી છે. આજે આપણે ઈન્ટરનેટ બેંકિંગ વિશે વાત કરીએ છીએ, યુપીઆઈ સાથે ટ્રાન્ઝેક્શન રેકોર્ડ કરીએ છીએ. પરંતુ આપણે ૨૦૧૪ પહેલા બેંકિંગનો યુગ પણ જોયો છે, જ્યારે દિલ્હીમાં પ્રભાવશાળી રાજકીય પક્ષો સાથે જોડાયેલા લોકો તેમના ફોન પર હજારો કરોડની લોન મેળવતા હતા.

મોદીએ કહ્યું કે છેલ્લા ઘણા દાયકાઓથી ભ્રષ્ટાચારીઓએ દેશની તિજોરી લૂંટવાનો બીજો રસ્તો કાઢ્યો હતો. આ લોકો સરકારી યોજનાઓના લાભાર્થીઓને લૂંટતા હતા. આજે, જન ધન, આધાર, મોબાઈલની ત્રિપુટી સાથે, દરેક લાભાર્થીને તેનો સંપૂર્ણ અધિકાર મળી રહ્યો છે. જેમ જેમ ભારતની આર્થિક શક્તિ વધી રહી છે તેમ તેમ અવરોધો સર્જનારાઓ પણ વધી રહ્યા છે. ભારતના સામાજિક માળખા પર, આપણી એકતા અને ભાઈચારા પર, આપણા આર્થિક હિતો પર અને આપણી સંસ્થાઓ પરના હુમલાઓ વધી રહ્યા છે. અને સ્વાભાનવિક રીતે તેમાં ભ્રષ્ટાચારના પૈસા જ વપરાય છે.પીએમ મોદીએ કહ્યું કે આજે દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે રાજકીય ઈચ્છાશક્તિની કોઈ કમી નથી. સીબીઆઈને ક્યાંય પણ સંકોચ કરવાની જરૂર નથી, ક્યાંય પણ રોકવાની જરૂર નથી. એટલા માટે આપણે ગુના અને ભ્રષ્ટાચારની બહુવિધ પ્રકૃતિને સમજવી પડશે અને તેના મૂળ સુધી પહોંચવું પડશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે લોકો સીબીઆઈ તપાસ માટે આંદોલન કરે છે. આજે પણ માંગ ઉઠી છે કે ફલાના અને આવા કેસની તપાસ સીબીઆઈ દ્વારા થવી જોઈએ. દેશમાં ભ્રષ્ટાચાર ખતમ કરવામાં સીબીઆઈની સૌથી મોટી ભૂમિકા છે. પીએમએ કહ્યું કે વર્ષ ૨૦૧૪ પછી સરકારે કાળા નાણાને લઈને ભ્રષ્ટાચાર વિરુદ્ધ મિશન શરૂ કર્યું.કોંગ્રેસ સરકારનું નામ લીધા વિના પીએમ મોદીએ કહ્યું કે ગુલામીના સમયમાં લોકો ભ્રષ્ટાચારને સશક્ત કરતા રહ્યા. પહેલા ભ્રષ્ટાચાર કરવાની હરીફાઈ થતી હતી કે તમે આટલો ભ્રષ્ટાચાર કરશો તો હું આટલો ભ્રષ્ટાચાર કરીશ. ત્યારે આરોપીઓ નિશ્ચિંત હતા. તે જાણતા હતા કે સિસ્ટમ તેમની સાથે છે. તેનાથી દેશનો વિશ્વાસ તૂટી ગયો. વડાપ્રધાને કહ્યું કે હવે સીબીઆઈનો વ્યાપ ઘણો મોટો થઈ ગયો છે. આજના સમયમાં સીબીઆઈએ મહાનગરથી જંગલ તરફ દોડવું પડે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧ એપ્રિલ ૧૯૬૩ના રોજ સીબીઆઈની સ્થાપના કરી હતી. સીબીઆઇ તેની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહી છે.

# સહી પોષણ, દેશ રોશન : દાહોદ જિલ્લાની સગર્ભા અને ધાત્રી માતાઓને મળી રહ્યો છે વિવિધ પોષણ યોજનાઓનો લાભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આઈસીડીએસ વિભાગ દ્વારા ચાલી રહેલી વિવિધ પોષણ યોજનાઓ થકી અહીંની લાભાર્થી સગર્ભા અને ધાત્રી માતાઓની એનિમિયા સહિતની પોષણને લગતી સમસ્યાઓ દૂર થઇ છે. અને પોષણયુક્ત આહાર મળતા માતાઓ અને બાળકો તંદુરસ્ત બન્યા છે. પરિણામે માતા અને બાળકના મૃત્યુદરનું પ્રમાણ પણ ઘટયું છે.

દાહોદના છાપરી ગામના ધાત્રી માતા ગીતાબેન ડામોર જણાવે છે કે, અહીંના આંગણવાડીને કારણે તેમનો વજન વધ્યો છે અને શરીર તંદુરસ્ત બન્યું છે. અગાઉ તેમનું વજન ખૂબ ઓછું હતું. લોહીનું પ્રમાણ પણ ઓછું હતું. શરીરમાં પણ કમજોરીનો અહેસાસ થતો હતો. પરંતુ આંગણવાડી ખાતે મળતા પોષણ યુક્ત આહાર અને આયરન ગોળીઓ સહિતની લેવાતી સંભાળના કારણે મારો વજન વધ્યો છે. લોહીનું પ્રમાણ પણ વધ્યું છે. ગીતાબેન આઇસીડીએસ વિભાગની વિવિધ પોષણ યોજનાઓ માટે સરકારનો આભાર માને છે.

દાહોદ જિલ્લાની આંગણવાડી ખાતે નોંધાયેલી સગર્ભા ધાત્રી માતાઓને દરરોજ બપોરે સ્વાદિષ્ટ, પોષણયુક્ત ગરમ ભોજન અપાઇ રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગત જુન મહિનામાં આદિજાતિ જિલ્લાના તમામ તાલુકાઓમાં પ્રારંભ કરેલી આ યોજના થકી સહી પોષણ, દેશ રોશન નું સૂત્ર ખરા અર્થમાં ચરિત્રાર્થ થઇ રહ્યું છે.

દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓની ૩૦૫૬ આંગણવાડીઓ ખાતે નોંધાયેલી સગર્ભા અને ધાત્રી માતાઓને દરરોજનું ગરમ ભોજન પીરસાઇ રહ્યું છે. પોષણ સુધા યોજના અંતર્ગત અઠવાડીયાના છ દિવસ સગર્ભા ધાત્રી મહિલાઓને ભોજન અપાઇ છે. સગર્ભા ધાત્રી માતાઓનું પોષણના તમામ તત્વો મળી રહે એ માટે દરરોજ અલગ અલગ મેનુ પ્રમાણે ભોજન અપાઇ છે.

આંગણવાડી ખાતે પીરસાતા પોષણયુક્ત આહારમાં થેપલા, દાળભાત, શાક, પરાઠા, લાપસી–શીરો, રોટલી, ખીચડી, પરાઠા, ચણા, દાળ, વઘારેલ ભાત સહિતની વાનગીઓ બપોરના ભોજનમાં સગર્ભા ધાત્રી માતાઓને ગરમાગરમ અહીં આંગણવાડી ખાતે જ બનાવીને પીરસવામાં આવે છે.

આ યોજના અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. આ સાથે આયર્ન અને કેલ્શિયમની ગોળીઓ તેમજ આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ આપવામાં આવે છે.

યોજનાના મોનીટરિંગ અને રિવ્યુ માટે વિશેષ મોબાઇલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. આ ભોજન ફક્ત રૂ. ૨૭ ના નજીવા દરે સગર્ભા ધાત્રી માતાઓને અપાઇ રહ્યું છે.

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ જ મહત્વપૂર્ણ છે. માતાના ગર્ભમાં રહેલ શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે પોષણ સુધા યોજના ગુજરાતના આદિજાતિ વિસ્તારના દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા મળી કુલ પાંચ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં અમલી બનાવાઈ હતી. જેમાં દાહોદનાં ગરબાડા અને ધાનપુર તાલુકામાં આ યોજના વર્ષ ૨૦૧૭ થી અમલી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં મહિલાઓ સુપોષિત થાય એ માટે આ યોજનાનું વિસ્તરણ કરીને રાજ્યના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના કુલ ૧૦૬ તાલુકાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવી છે. ત્યારે દાહોદનાં પણ તમામ ૯ તાલુકાઓમાં આ યોજના અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ અપાઈ રહ્યો છે.

# દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામેથી વિદેશી દારૂ સાથે બે બુટલેગરો ઝડપાયા : એક ફરાર, ૪ સામે ગુનો નોંધાયો



દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામેથી ત્રણ બુટલેગરો મોટરસાયકલો ઉપર વિદેશી દારૂનો જથ્થો ભરીને ખેપ મારવા આવતા હોવાની બાતમી દાહોદ એ.એસ.પીને મળતા દાહોદ એ.એસ.પી.એ બાતમીના આધારે વોચ ગોઠવી ગલાલીયાવાડના ગારી ફળિયા રોડ પરથી બે બુટલેગરોને અડધા લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી જેલ ભેગા કર્યા છે. ઉપરોક્ત પ્રોહી રેડમાં પોલીસે વિદેશી દારૂના જથ્થા તેમજ ત્રણ મોટર સાયકલો મળી અંદાજે ૨.૫૫ લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ચાર ઈસમો સામે પ્રોહીબીશન અંગેનો ગુનો દાખલ કર્યો હોવાની પ્રાથમિક તબક્કે માહિતીઓ પ્રાપ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના ગલાલીયાવાડ નીચવાસ ફળિયામાં ખાતેના રહેવાસી રામુ ભમ્મર સિસોદિયા (સાંસી) સંજય હરિસીંગ સાસી રહેવાસી નેત્રાલય રહેવાસી તળાવ ફળિયા ભીલવાડા તેમજ નિતીન અમરસિંહ સાસી રહેવાસી ચાકલીયારોડ સિંગલ ફળિયા મધ્યપ્રદેશના ઝાબુવા જિલ્લાના મેઘનગર ગોવાળીપતરાના રહેવાસી પીદિયા રત્નાભાઈ સંગાડીયાને ત્યાંથી વિદેશી દારૂનો જથ્થો ભરી દાહોદ તરફ મોટરસાયકલ પર આવી રહ્યા હોવાની બાતમી દાહોદ ડિવિઝનના એ.એસ.પી. જગદીશ બાંગરવાને મળતા તેઓ પોલીસ જવાનોની ટીમ સાથે ગલાલીયાવાડના ગાડી ફળિયા ખાતે વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ઉપરોક્ત રામુ ભમર સાંસી તેના કબજા હેઠળની Gj-17-BP-2428 નંબરની પલ્સર તેમજ તેની સાથે સંજય હરિસીંગ સાસી તેના કબજા હેઠળની Gj-20-AM-6344 નંબરની પલ્સર બાઈક તેમજ નિતીન અમરસિંહ સાંસી પોતાના કબજા હેઠળની અપાચી બાઇક પર વિદેશીદારૂ ભરીને લાવી રહ્યા હતા. તે સમયે સંજય સાસી પોલીસને ઊભેલી જોઈ દારૂ સહિતની ગાડીને રસ્તા પર ફેંકી ફરાર થઈ ગયો હતો. જોકે રામુ સાસી, તેમજ નીતિન સાંસી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે ઉપરોક્ત ગાડીઓની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની ૧૩૦૦ બોટલો મળી કુલ ૧.૫૨ લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો મુદ્દામાલ તેમજ ૯૦,૦૦૦ રૂપિયા કિંમતની ત્રણ મોટરસાયકલ મળી કુલ ૨.૪૨ લાખનો મુદ્દામાલ કબજે કરી રામુસાસી તેમજ નીતિન સાંસીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. જ્યારે ફરાર થયેલા સંજય સાંસીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આ બનાવમાં ત્રણેય બુટલેગરો તેમજ મધ્યપ્રદેશ થી વિદેશી દારૂનો માલ ભરી આપનાર વિદેશી દારૂના ઠેકાનો માલિક પીદીયા રતનાભાઈ સંગાડીયા વિરૂદ્ધ પ્રોહીબિશન અંગેનો ગુનો દાખલ કરી આગળની વધુ તજવીજ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં પાંચ ગુનામાં સંડોવાયેલા છોટાઉદેપુરના બુટલેગરને દાહોદ LCB એ અટકાયત કરી પાસા હેઠળ ભાવનગર જેલમાં ધકેલાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના સાગટાળા પોલીસમાં દારૂના પાંચ ગુના દાખલ છોટાઉદેપુરના બુટલેગરના દાહોદ કલેક્ટરે પાસા પ્રપોઝલ મંજુર કરતાં એલ.સી.બી. અને સાગટાળા પોલીસે ગુપ્ત રાહે વોચ ગોઠવી તેની અટકાયત કરી પોલીસ જાપ્તા હેઠળ પાસામાં ભાવનગરની જેલમાં મોકલી આપ્યો હતો.

દાહોદ જિલ્લામા ગેરકાયદેસર દારૂ ઘુસાડવાની તેમજ હેરાફેરી કરી દારૂના ગુનામા સંડોવાયેલ વ્યક્તિ તેમજ લીસ્ટેડ બુટલેગરોની દાહોદ પોલીસે આયોજનબધ્ધ યાદી તૈયાર કરી હતી. જેમાંથી સાગટાળા પોલીસમાં નોંધાયેલા દારૂના પાંચ ગુનામાં સંડોવાયેલ છોટાઉદેપુર જિલ્લા સીંગળાજા ગામનો બુટલેગર કનુ કાળુ રાઠવાના પાસા પ્રપોઝલ તૈયાર કરી કલેકટર ડો.હર્ષિત.પી.ગોસાવીને મોકલી આપ્યા હતા. કલેકટરે બુટલેગરની પાસા પ્રપોઝલ ગ્રાહ્ય રાખી પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કરતાં દાહોદ એલ.સી.બી. પી.આઇ. કે.ડી.ડિંડોર, પો.સ.ઈ. એમ.એલ.ડામોર, આર.બી.ઝાલા, જે.બી.ધનેશા એલ.સી.બી તથા સાગટાળા પો.સ.ઈ. વી.આર.ચૌહાણ સાગટાળા સાગટાળા પોલીસ મથકનો સ્ટાફના માણસોએ બુટલેગરની ગુપ્ત રાહે વોચમા હતા. તે દરમિયાન બુટલેગર મળી આવતાં તેને પાસા પ્રપોઝલની બજવણી કરી તેની અટકાયત કરી જરૂરી પોલીસ જાપ્તા હેઠળ ભાવનગરની જેલમાં મોકલી આપ્યો હતો.

# દાહોદ એન્જિ.કોલેજ અને મોડેલ સ્કુલમાં છાત્રોની ગેરરિતી તપાસવા ધમધમાટ શરૂ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ધો–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સમાપ્ત થયા બાદ હવે પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીએ ગેરરિતી કરી છે કે નહિ તે જાણવા માટે તેમની શંકાસ્પદ હિલચાલ જોવા સીસીટીવી કેમેરાની ચકાસણીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. દાહોદ અને લીમખેડામાં આ કામગીરી માટે ૮૦ કર્મચારીઓને જોતરવામાં આવ્યા છે.

દાહોદ જિલ્લામાં ધો–૧૦ના ૧૮ કેન્દ્રોમાં ૮૭ બિલ્ડિંગો ઉપર ૨૫,૪૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જયારે લીમખેડામાં ૧૧ કેન્દ્રોની અંદર ૪૨ બિલ્ડિંગોમાં ૧૩,૯૨૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. તેવી રીતે ધો–૧૨ સામાન્ય પ્રવાહના ૧૭ કેન્દ્રોની અંદર ૭૨ બિલ્ડિંગો ઉપર ૨૩,૩૭૧ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૩ કેન્દ્રોની અંદર ૧૧ બિલ્ડિંગો ઉપર ૨૨૭૪ વિદ્યાર્થીઓની નોંધ થઈ હતી. જોકે જિલ્લામાં ધો–૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા માટે નોંધાયેલા ૬૪,૯૯૮ વિદ્યાર્થીઓમાંથી કેટલાક વિદ્યાર્થીઓ વિવિધ કારણોસર ગેરહાજર રહ્યા હતા. પરીક્ષામાં કોઈ ગેરરિતી ન થાય તે માટે સીસીટીવી પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. ત્યારે પરીક્ષા પુર્ણ થયા બાદ કયા વિદ્યાર્થીઓ દ્વારા ગેરરિતી કરવામાં આવી છે કે નહિ તે જાણવા માટે સીસીટીવી કેમેરાનુ હાલ ચેકિંગ ચાલી રહ્યુ છે. દાહોદ શહેરની એન્જિનીયરીંગ કોલેજમાં ધો–૧૦ અને ૧૨ના સામાન્ય પ્રવાહના સીસીટીવી કેમેરાના ચેકિંગ માટે ૫૦ કર્મચારીઓની ફોજ ઉતારી દેવામાં આવી છે. તેવી જ રીતે લીમખેડામાં ધો–૧૨ વિજ્ઞાન પ્રવાહના સીસીટીવી કેમેરાના ચેકિંગ માટે ૩૦ કર્મીઓ કામ કરી રહ્યા છે. બંને સ્થળે ૮૦ કર્મચારીઓ એક–એક કરીને સીસીટીવી ચેક કરીને પેપર આપી વખતે વિદ્યાર્થીઓની શંકાસ્પદ હિલચાલની નોંધ કરી રહ્યા છે.

# પૂઆબા તથા ઉધાવળાની સસ્તા અનાજની અનાજના કાર્ડધારકોની મુશ્કેલીઓ કોણ દુર કરશે ?

દે.બારીયા,

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ (એન.એફ.એસ.એ.) હેઠળ સમાષ્ટિ રાજ્યના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ કુટુંબોની ૩.૩૮ કરોડ જન સંખ્યાને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડતથા મીઠાના રાહતદરના વિતરણ માટે એપ્રીલ–૨૦૨૩ માસનું વિતરણ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૩ સુધી ચાલુ રહેશે. તે અંગે જાહેરાત અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગુજરાત રાજ્યના થકી અગત્યની જાણ કરી દરેક દૈનિક છાપાઓમાં વાંચવાનો મળે છે પરંતુ તેનું અમલીકરણ કેટલું થઈ રહ્યું છે. તેની તકેદારી લાગતા વળગતા અધિકારીઓ રાખતા નથી. તે વાત સત્ય છે.

દે.બારીયાના છેવાડાના વિસ્તાર પૂઆળા તળાવ તથા ઉધાવળાની કાર્ડધારકોને છેલ્લા એક વર્ષથી ત્રણ કિલોમીટર દુરની દુકાનમાં ભેળવી દેવાતા તેમને અનાજનો જથ્થો લઈ જવાનું મુશ્કેલ છે. જેથી પૂઆળા તળાવ અને ઉધાવળા પરા વિસ્તારમાં રહેતા અંત્યોદય કુટુંબો તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોના કાર્ડ ધારકોને વિના મુલ્યવાળો જથ્થો તેમજ દાળ, અને ખાંડ જરૂરીયાતમંદોની મળી રહે તે માટે કાપડી ફળીયાની સસ્તા અનાજની દુકાનમાં આ દુકાનના કાર્ડધારકોના અનાજ તથા ખાંડ એપ્રિલ–૨૦૨૩નો જથ્થો ઈશ્યુ કરી આપવા અંગેની માંગ છે. જેથી તાલુકા પુરવઠા મામલતદાર આ ગરીબ કુટુંબોના લાભાર્થીઓની મુશ્કેલીઓ કયારે દુર કરશે ત્રણ કિલોમીટર દુર થી અનાજનો જથ્થો કેવી મુશ્કેલીઓ વેઠી લાવતા હશે તે અંગે સોચ વિચાર સાથે પાસેની કાપડી ફળીયાની સસ્તા અનાજની દુકાનમાં જથ્થો મળી રહે તેવી જોગવાઈ થાય તો ગરીબ કુટુંબોનું આર્થિક બચત સાથે ટાઈમ પણ વેડફાતું અટકશે.

# લીમડી-ઝાલોદ હાઈવે નાનસલાઈ ગામે ફોર વ્હીલે બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર દંપતિનું મોત

દાહોદ,

લીમડી–ઝાલોદ હાઈવે રોડ પર નાનસલાઈ ગામે પેટ્રોલ પંપની પાસે રોડ પર ફોરવ્હીલ ગાડી અને મોટર સાયકલ સામસામે ધડાકાભેર અથડાતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા પતિ–પત્ની બંનેનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

ગતરોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે એક વાહન ચાલક તેના કબજાની જીજે–૨૦–એ–૯૦૧૬ નંબરની હોન્ડા કંપનીની અમેજ ફોરવ્હીલ ગાડી લીમડી–ઝાલોદ હાઈવે રોડ પર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી નાનસલાઈ ગામે એચ.પી. પેટ્રોલ પંપની પાસે રોડ પર સામેથી આવતી જીજે–૨૦ બીસી–૨૦૨૮ નંબરની પ્લેટીના મોટર સાયકલ સાથે ધડાકાભેર અથડાતાં મોટર સાયકલ પર સવાર લાલસીંગભાઈને જમણા પગે ઢીંચણમાં તથા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેમજ તેની પત્ની કાંતાબેનને માથામાં તથા જમણા હાથે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં બંને પતિ–પત્નીનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. કંપનીની અમેજ ફોરવ્હીલ ગાડીનો ચાલક તેના કબજાની હોન્ડા કંપનીની ફોરવ્હીલ ગાડી સ્થળ પર જ મૂકી નાસી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઝાલોદ પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણજનાર દંપત્તીની લાશનો કબજો લઈ બંને લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી બંને લાશને પોસ્ટમોર્ટમ માટે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી. ઝાલોદ તાલુકાના મધાનીસર ગામના નિશાળ ફળિયામાં ધુળીયાભાઈ વીરસીંગભાઈ અડએ નોંધાવેલ ફરિયાદને આધારે હોન્ડા કંનીની અમેજ ફોરવ્હીલ ગાડીની ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના મોટા નટવા ગામે વેલ્ડીંગન કામ કરવા ગયેલ યુવકા ઉપર હુમલો કરી મારી નાખવાનો પ્રયાસ

દાહોદ,

ખોટો શક વ્હેમ રાખવાના મુદ્દે ફતેપુરાના મોટા નટવા ગામે વેલ્ડીંગનું કામ કરાવવા લઈ ગયેલ ૩૫ વર્ષીય ઈસમને એક જણાએ પકડી રાખી બીજા ઈસમે હાથમાં પથ્થર રાખી પથ્થર વડે માથામાં આડેધડ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખવાનો પ્રયાસ કરવામાં આવતા ગંભીર ઈજાગ્રસ્ત ઈસમને સારવાર માટે મોડાસા ખાતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

ફતેપુરાના સાગડાપાડા ગામના નવાઘરા ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય રઘુભાઈ માવજીભાઈ મછારને મોટા નટવા ગામના અનીલભાઈ સોમાભાઈ બામણીયા વેલ્ડીંગનું કામ કરવા સારૂ તેના ઘરે લઈ ગયો હતો અને વેલ્ડીંગનું કામ પુરૂ કરાવી ખેતરમાં કામ છે તેમ કહી ખેતરમાં લઈ જઈ તું તારા બૈરાનો મારા ઉપર કેમ ખોટો વ્હેમ રાખે છે, તેમ કહી બેફામ બિભત્સ ગાળો બોલી સંતરામપુરાના ભુગેડી ગામના જયેશભાઈ બારીયાએ રઘુભાઈ માવજીભાઈ મછારને હબંને હાથે પકડી રાખ્યો અને અનિલભાઈ સોમાભાઈ બામણીયાએ હાથમાં પથ્થર રાખી માથામાં આડેધડ મારી જીવલેણ હુમલો કરી ડાબા કાનના ઉપરના ભાગે ફ્રેક્ચર કરી ઢીકાપાટુનો મારમારી ગંભીર ઈજાઓ કરી મારી નાંખવાની કોશીશ કરી હતી. ગંભીર ઈજાગ્રસ્ત રઘુાઈ માવજીભાઈ મછારને સારવાર માટે મોડાસા ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામા આવ્યા છે. જે હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

આ સંબંધે ગંભીર ઈજાગ્રસ્ત રઘુભાઈ માવજીભાઈ મછારની ફરિયાદને આધારે સુખસર પોલીસે મોટા નટવા ગામના અનીલભાઈ સોમાભાઈ બામણીયા તથા ભુગેડી ગામના જયેશભાઈ બારીયા વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૦૭, ૩૨૫, ૫૦૪, ૧૧૪ તથા જીપી એક્ટ ૧૩૫ મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તમામ ગુનાહ મુઆફ

હઝરતે સૈયદના અનસ (રદિઅલ્લાહો અન્હો ) સે રિવાયત હૈ કી તાજેદારે મદીના રાહતે કલ્બો સીના (સલ્લલાહો અલય હૈ વઆલેહી વસલ્લમ)ને ફરમાયા જો શખ્સ યે દુરૂદે પાક પઢેગા અગર ખડા થા તો બેઠને સે પહેલે ઔર બેઠા થા તો ખડે હોને સે પહેલે ઉસકે ગુનાહ મુઆફ કર દિયે જાએંગે વો દુરૂદે પાક યે હૈ અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયદના વ મવલાના મુહમ્મદી વ અલા આલે હી વસલ્લમ (અલ મરજ ઉસ્સાલિક)

( બિસ્મીલ્લાહ કી બરકત (મંથલી) પાન–૧૨ માર્ચ ૨૦૨૩)

તા. ૦૪/૦૪/૨૦૨૩ મંગળવા

ખત્મે શહેરી ૫.૦૪

વકતે ઈફતાર ૬–૫૬

નોંધ : આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પૂરતો છે.

# દાહોદ જિલ્લામાં ૧૪૮૫ પ્રા.શિક્ષકો/આચાર્યોની ઘટ

દાહોદ,

તાજેતરમાં વિધાનસભા સત્ર દરમિયાન શિક્ષકોની ઘટના આંકડા જાહેર થયા બાદ રાજયની શિક્ષણ વ્યવસ્થા પર અનેક સવાલો ઉઠવા પામ્યા છે. સરકારે આપેલી માહિતી મુજબ રાજયની પ્રાથમિક શાળાઓમાં ૨૧,૦૦૦ જેટલા શિક્ષકો અને આચાર્યોની ઘટ છે. એક તરફ સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણમાં અવનવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ હકીકતમાં ચિત્ર કઈંક અલગ જ બહાર આવી રહ્યુ છે. જિલ્લાવાર શિક્ષકોની ઘટના આંકડાઓ જોઈએ તો સરકાર દ્વારા આપેલી માહિતી મુજબ કચ્છમાં ૧૪૯૭ બાદ સૌથી વધુ દાહોદમાં ૧૪૮૫ જેટલા પ્રા.શિક્ષકો અને આચાર્યોની જગ્યાઓ ખાલી છે. આગામી સમયમાં જયારે બદલી કેમ્પ અને ૩૧મે ના રોજ સામુહિક રીતે શિક્ષકો વય નિવૃત્ત થશે ત્યારે નવા સત્રમાં શિક્ષકોની ઘટ ખુબ જ ગંભીર બનવાની શકયતા રહે છે.

જયારે શિક્ષકોની આટ આટલી ઘટ હોવાથી સરકાર દ્વારા આ ઘટ દુર કરવા શુ કાર્યવાહી કરવામાં આવે તે અંગે તપાસ કરતા જાણવા મળ્યુ કે વિધાનસભાની ચુંટણીના ગણતરીના દિવસો પહેલા સરકાર દ્વારા રાજયના સૌથી વધુ ઘટ ધરાવતા જિલ્લાઓમાં ૨૬૦૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવાની જાહેરાત કરી હતી. જેમાં દાહોદ જિલ્લામાં ૩૦૮ જેટલી જગ્યાઓ ભરવાની હતી પરંતુ જાહેરાતના ૬ મહિના બાદ પણ નિમણુંક આપવામાં આવી નથી. આ અંગે વિદ્યાસહાયક ભરતીના ઉમેદવાર સૈયદ શાહરૂખહુસૈન સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, જિલ્લા પસંદગી અને નિમણુંક પહેલાની તમામ પ્રકારની વહીવટી કામગીરી પુર્ણ થઈ ગઈ છે. અને જાન્યુઆરીમાં ફાઈનલ મેરીટ પણ જાહેર કરી દેવામાં આવ્યુ છે. ઉમેદવારો દ્વારા જિલ્લા પસંદગી બાબતે છેલ્લા બે મહિનાથી ગાંધીનગરમાં સતત રજુઆત કરવામાં આવી રહી છે છતાં આગળ કોઈ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જો વેકેશન દરમિયાન જિલ્લા પસંદગી અને શાળા પસંદગી કરાવી દેવામાં આવે તો ઉમેદવારો રહેવાની સગવડ, પોતાના બાળકોના શાળામાં એડમીશન કરાવવા બાબતે યોગ્ય નિર્ણયો લઈ શકે.કારણ કે નિમણુંક બાદ ઉમેદવારોને ગણતરીના દિવસોમાં જ શાળામાં કામગીરીમાં જોડાઈ જવુ પડે છે. અને ઘણી મહિલા ઉમેદવારો પણ હોય છે તો તેમના માટે અનેક પ્રશ્નો ઉભા થાય છે. આગામી સત્રમાં સરકાર શિક્ષકોની ઘટ દુર કરવા માટે પ્રવાસી શિક્ષકોની નિમણુંક કરીને ગાડુ ચલાવી રાખે છે કે કાયમી નિરાકરણ રૂપે લાયકાત વાળા શિક્ષકોની ભરતી કરે છે તે હવે જોવુ રહ્યુ.

# દાહોદ શહેરના ચાકલીયા રોડ વિસ્તારમાં નજીવી બાબતે ત્રણ વ્યક્તિઓ વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો થતાં બંને પક્ષે પોલીસ ફરિયાદ નોંધાઈ

દાહોદ,

પ્રાત માહિતી અનુસાર દાહોદના દેસાઈવાડા વચલા ફળિયા ખાતે રહેતા જીગર ભરતભાઈ પંચાલ કે જેઓ દાહોદની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ૮ વર્ષોથી ફરજ બજાવે છે અને તેના એક મિત્ર સાથે પાર્ટનરમાં ઓનલાઈન બેન્કિંગ એજન્સી ચાકલીયા રોડ ખાતે વહીવટ કરે છે. ત્યારે તારીખ ૧–૪–૨૦૨૩ ના રોજ ચાકલીયા રોડ ખાતેની તેમની ઓનલાઈન બેન્કિંગ એજન્સી ખાતે તેમના પાર્ટનર સાથે હતા ત્યારે બપોરના સમયે ઓનલાઈન બેન્કિંગ એજન્સી પ્રિતેશ પ્રવીણભાઈ નામક ઈસમ તેમની દુકાને આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો. મારૂ બેન્કનું આઈડી કેમ બંધ કરાવી દીધું છે તેમ કહી અપશબ્દો બોલવા લાગતા તેની દુકાન આગળ ઉભો રહી ગયો હતો અને તેને ધક્કો મારયો હતો અને તેની બાઈકની ચાવી કાઢી હતી. ત્યારે પ્રિતેશનો ભાઈ નરેશ પણ આવી ગયો હતો અને બન્ને ભાઈઓએ તેને અપશબ્દો બોલી ધમકીઓ આપતા હતા અને પ્રિતેશએ જમીન પર પડેલો પથ્થર જીગરના માથાના ભાગે મારી દેતા લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારે બન્ને લોકોએ તે ઈસમને ગદડા પાટુનો માર મારી દુકાન ન ખોલવાની ધમકીઓ આપી ભાગી ગયા હતા. ત્યારે તેમની મારની બીકના કારણે ભાગીને જીગર પંચાલ પોલીસ મથકે આવ્યો હતો અને પોલીસ મથકે બન્ને વિરૂદ્ધ મારા મારીનો ગુનો નોંધાવ્યો હતો અને પોલીસે બન્ને ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

જયારે સામા પક્ષે દાહોદ શહેરના ગોદી રોડ ખાતે રહેતા પ્રિતેશકુમાર પ્રવીણ કુમાર પોપટ કે જેઓ દાહોદની બેન્ક ઓફ બરોડામાં બેંક એજન્ટ તરીકે છેલ્લા બે વર્ષોથી ફરજ બજાવે છે અને તેજ બેંકમાં જીગર ભરતભાઈ પંચાલ પણ બેન્ક એજન્ટ તરીકે તેમની સાથે કામ કરતા હતા. તેમાં જીગર પંચાલને એજન્ટ માંથી બેંકના અધિકારીઓએ કાઢી મૂક્યો હતો અને આ જીગર ગયા અઢી મહિનાથી તે પોતે તથા પ્રેસ રિપોર્ટરો મારફતે ફોન કરી કહેવડાવતો હતો કે તું એજન્ટ તરીકે ખોટું કામ કરે છે અને તારૂં બીસી પોઈન્ટ બંધ કરાવી દઈશ તેવી ધમકી આપતો હતો અને બીસી પોઈન્ટ ચાલુ રાખવું હોય તો મને ભાગ આપ તેવી ધમકી આપતો હોય જેથી બેંકમાં પણ લેખિતમાં અરજી ઓફિસ ખાતે આપવામાં આવી હતી. ત્યારે તે વાતને લઈને તારીખ ૧–૪–૨૦૨૩ ના રોજ સાંજના સમયગાળા દરમિયાન પ્રિતેશકુમાર પ્રવિણકુમાર પોપટને ચાકલીયા રોડ ખાતે જીગર પંચાલે ફોન કરીને બોલાવવામાં આવ્યો હતો અને ત્યાં જીગર પંચાલે પ્રિતેશકુમાર પ્રવીણકુમાર પોપટને કહ્યું હતું કે મારૂં બીસી એજન્ટનું કામ બંધ છે, મેં તને તારા બીસી એજન્ટના કમિશનમાંથી ભાગ માંગ્યો હતો. તું મારા ભાગના પૈસા કેમ આપતો નથી તેમ કહી અપશબ્દો બોલી ઓફિસની બહાર કાઢી મૂક્યો હતો અને ઓફિસની બહાર ઉભો રહેવાનું કહેતા અને પોલીસમાં ફરિયાદ કરવાનું જણાવતા તે કહેતો હતો કે તારાથી જે થાય તે કરી લે અને પ્રિતેશકુમાર પોપટની ફેટ પકડી જીગર પંચાલે તેને અપશબ્દો બોલી છાતીના ભાગે ગદડાપાટુનો માર મારવા લાગતા તેવા સમયે પ્રિતેશકુમાર પોપટનો ભાઈ નરેશ પોપટ વચ્ચે છોડાવવા પડતા નરેશ પોપટને માથાના ભાગે તેમજ ડાબા હાથ ઉપર માર મારતા ઈજાઓ પહોંચી હતી અને જીગર પંચાલે બંને ભાઈઓને ધમકી આપતા જણાવ્યું હતું કે આજે તો બચી ગયો છે હવે પછી બીસી એજન્ટના કમિશનમાં પૈસાનો ભાગ નહીં આપે તો હું તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી પ્રિતેશ પંચાલને ધક્કો મારી પાડી દેવામાં આવ્યો હતો. તે બાદ પ્રિતેશકુમાર પ્રવિણકુમાર પોપટે દાહોદ પોલીસ મથકમાં જીગર ભરત પંચાલ સામે મારામારીનો ગુનો નોંધાવતા એ ડિવિઝન ટાઉન પોલીસે મારામારીનો ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# દાહોદના વણભોરી ગામે મહાકાળી મંદિર માંથી તસ્કોરેએ ચોરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના વણભોરી ગામે તળાવ ફળિયામાં એક ખેતરમાં ખુણામાં આવેલ મહાકાળી માતાજીના મંદીરમાં દરવાજાનું તાળુ તોડી પ્રવેશેલા તસ્કરોએ પુજાનો સરસાસામન વેરવીખેલ કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યાનું જાણવા મળ્યું છે.

ગત તા. ૨૮–૩–૨૦૨૩ના રોજ રાત્રીના સમયે તસ્કરોએ દાહોદ તાલુકાના વણભોરી ગામે તળાવ ફળિયામાં રહેતા ભીમાભાઈ જવસીંગભાઈ ભાભોરના ખેતરમાં ખુણામાં આવેલા મહાકાવી માતાજીના મંદીરને ટાર્ગેટ બનાવી મંદીરના દરવાજાને મારેલ તાળુ તોડી મંદરમાં પ્રવેશ્યા હતા અને મંદીરમાં મૂકેલ માતાજીનાફોટા તથા પુજાના સામાન વેરવીખેર કરી મંદીરમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. તસ્કરો મંદીરમાંથી કોઈ વસ્તુ ચોરીને લઈ ગયા ન હતા.

આ સંબંધે વણભોરી ગામના તળાવ ફવિયામાં રહેતા ભીમાભાઈ જવસીંગભાઈ ભાભોરે નોંધાવેલ ફરિયાદને આધારે કતવારા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.189

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## રમઝાન ઈદના ''ઈદીના કવર'' ને લઈ ગોધરા નગરપાલિકાના સભ્યોનો પ્રમુખ સાથે બબાલ ???




- દર વખતે ૧૧ હજારના કવર ઈદમાં અપાય છે આ વખતે ૨૧ હજારની માંગણી સાથે કલબલાટ.
- લોકોમાં ચર્ચા આતો કેવી નાદારી અને લાલચ.
- શુ પ્રજાએ કવરો જીલવા માટે વોટ આપ્યા છે ???

ગોધરા,

ગોધરા નગર પાલીકાના વિવાદો શમવાનું નામ નથી લેતા ત્યારે આ વિવાદોના મધપુડામાં વધુ એક માખ ઉમેરાયી છે અને આ વિવાદિત માખે આ ગામમાં ધ્રૂણાનો ભમ્મર ફેલાવ્યો છે એક તરફ શહેરના પશ્ચિમ વિસ્તારમાં હાલ રમઝાન માસ હોવા છતાય કોઈપણ પ્રકારની સાફ સફાઈ થઈ નથી રહી અને જેના કારણે સ્થાનિક પાલીકા સભ્યો પ્રજાના રોષનો ભારે ભોગ બન્યા છે અને જેમાથી કેટલાક સભ્યો પ્રજાના આક્રોશથી બચવા ખુણા ખાચરામાં ભરાયને બેઠા છે હાલના આ નવા વિવાદ અંગે વાત કરીએતો ગોધરા નગર પાલીકાના કેટલાક સભ્યોએ પ્રમુખ પાસે રમઝાન ઈદના ઈદી રૂપે ૨૧ હજારની માંગણી કરતા પાલીકા સભ્યો અને પ્રમુખ વચ્ચે તૂ તૂ મે મે થઈ હોવાની વાતો શહેરના બજારોમાં ચર્ચાનો વિષય બન્યો છે આમતો દર વખતે પાલીકા પ્રમુખ ૧૧ હજાર દરેક મુસ્લિમ સભ્યોને માંગણી કરતા આપે છે પણ આ વખતે આ રકમમાં વધારો કરવાને લઈ વિવાદ સર્જાયો હોવાનું કહેવાય છે.

આ બાબતે સ્થાનિક લોકો સાથે વાત કરતા તેઓએ જણાવ્યુ હતુકે આ તો એક પ્રકારની નાદારી કહેવાય પ્રજાએ તેમને વોટ કામ કરાવ્વા માટે આપ્યા છે નહીકે કવરો જીલવા માટે અને ઈદના દિવસે ઈદી આપવાની પ્રથા એ કોઈ અધિકાર નથી આ પ્રથા બંધ થવી જોઈએ અને પ્રજાના કામોમાં દયાન આપવુ જોઈએ આખરે આ રીતે પાલીકા પ્રમુખને મજબુર કરીને પૈસા ઠગવાથી નુકસાન અને લાલચની વૃતિનો જન્મ થઈ રહ્યો છે આખરે પ્રજાએ આ તમામ સભ્યોને કામ કરાવ્વા માટે વોટ આપ્યા છે જે કરી રહ્યા નથી અને ઉપરથી ગેરકાયદેસર રીતે નવા રીત રસમો ઉભા કરીને નવી ડિઝાઈનથી ભ્રષ્ટાચાર આચરી રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાય રહ્યુ છે.

## પંચમહાલ જિલ્લા કલેક્ટર તરીકે આશિષ કુમારે ચાર્જ સંભાળ્યો



ગોધરા,

સરકાર દ્વારા રાજ્યમાં ૧૦૯ આઈએએસ અધિકારીઓની બદલી કરાઈ છે. ત્યારે પંચમહાલ જિલ્લાના કલેક્ટર તરીકે આશિષ કુમારે પદભાર સંભાળી લીધો છે.આ સાથે તેઓ સમયના પાબંધ છે. તેનો પરિચય પણ કરાવ્યો હતો.અગાઉ તેઓ રાજકોટ ખાતેડે.મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. તેઓએપ્રાંત અધિકારી તરીકે ગોધરા ખાતે પણ ફરજ બજાવી છે. આ ઉપરાંત તેઓ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બોટાદ અને આણંદ જિલ્લામાં પણ ફરજ બજાવી ચુકયા છે.તેઓ ઉત્તરપ્રદેશ રાજયના વતની છે અને ૨૦૧૪ની બેચના આઈએએસ અધિકારી છે.

જયારે રાજકોટમાં ૧૦૦ ટકા વેક્સિનેશનની પ્રક્રિયા ચાલતી હતી ત્યારે વર્ષ ૨૦૨૧માં રાજકોટનાં ડે.મ્યુનિસિપલ કમિશનરતરીકે તેમણે પદભાર સંભાળ્યો હતો.રાજકોટના ''નારી ગૌરવ દિવસ અંતર્ગત લોન વિતરણ સમારોહનું કાર્યહોય, કે પછી રાજકોટ શહેરની પાયાની સમસ્યાઓ હોય, જેવી કે આવાસ, પરિવહન ક્ષેત્ર કે કચરાની સમસ્યાની તેમજ ન્યારી અને આજી ડેમના પાણીની સુવિધાઓ,કેકેવી ચોક ખાતે ડબલડેકર બ્રિજ માટે તેમણે સરાહનીય કામગીરી કરી છે. રાજકોટ માટે સૌથી ગૌરવપૂર્ણ સમય ૩૬મી નેશનલ ગેમ્સ ઈવેન્ટની મેજબાની રાજકોટ શહેરને મળી. જેમાં દેશભરના રમતગમત ક્ષેત્રના ખેલાડીઓ આવેલા હતા. દરેક કામોમાં રાજકોટ મ્યુનિસિપલકમિશનરસાથે હર હંમેશ જુસ્સા સાથે કામ કરનાર એવા આશિષ કુમાર હવે પંચમહાલ કલેક્ટર તરીકે જિલ્લાને વિકાસની ઉંચી ઉડાન પર લઈ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પંચમહાલ જિલ્લામાં કલેક્ટર તરીકે કાર્યરત સુજલ મયાત્રાએ બે વર્ષથી વધારે સમય દરમિયાન જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ આપ્યો હતો. તેમની બદલી ગાંધીનગર ખાતે રેવન્યુ વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે થઈ છે. તેમનીબદલી થતાં તેમણે તેમનો ચાર્જ નવનિયુક્ત કલેક્ટર આશિષ કુમારને સુપ્રત કર્યો હતો. કલેક્ટર કચેરીના અધિકારીઓ કર્મચારીઓએ નવા કલેકટરનું સહર્ષ સ્વાગત કરીને શુભકામનાઓ પાઠવી હતી.

### નિર્દોષ છૂટતાં પરિવારોમાં ખુશીનો માહોલ

## કાલોલમાં ૨૦૦૨ના ટેમ્પોકાંડની ૨૦ વર્ષની લડત બાદ ૩૯ને કોર્ટે નિર્દોષ છોડ્યા

હાલોલ,

ગુજરાતમાં ૨૦૦૨ દરમ્યાન ફાટી નીકળેલા કોમી રમખાણોના અનેક કિસ્સાઓ પૈકી કાલોલ શહેર અને દેલોલ ગામમાં ઘટેલા રમખાણકાંડના ૩૯ આરોપીઓ અંગે હાલોલ સેશન્સ કોર્ટમાં ૨૦ વર્ષ, ૪ મહિના, ૧૩ દિવસ સુધી ચાલેલી ન્યાયિક લડતને અંતે તમામ ૩૯ આરોપીઓ નિર્દોષ હોવાનો ચુકાદો જાહેર કરવામાં આવતા આરોપીઓના પરિવારજનોમાં ભારે ખુશીનો માહોલ છવાયો છે.

રાજયભરમાં હાહાકાર મચાવનાર ગોધરા ટ્રેન હત્યાકાંડની ગોઝારી ઘટનાને પગલે તત્કાલીન સમયે પંચમહાલ જિલ્લાના કાલોલ શહેરમાં ફાટી નીકળેલા રમખાણોની ઘટનાઓ અંગે પોલીસે કાલોલ ખાતે ઉભા કરવામાં આવેલા રાહત કેમ્પોની મુલાકાતો દરમ્યાન અસરગ્રસ્તોના નિવેદનોને આધારે સરકારી રાહે દાખલ કરેલી આ કેસની ફરિયાદની વિગતો મુજબ ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા ખાતે સર્જાયેલ સાબરમતી ટ્રેન હત્યાકાંડની ઘટનાને પગલે કાલોલ તાલુકા વિસ્તારમાં પણ ફાટી નીકળેલા કોમી હુમલાના દાવાનળમાં ૧ માર્ચ ૨૦૦૨ના રોજ દેલોલ ગામ ખાતે વસવાટ કરતા મુસ્લિમ કોમના લોકો પર આજુબાજુના ગામના લોકોએ કરેલા હુમલાઓથી બચવા માટે મુસ્લિમ કોમના ૩૮ વ્યક્તિઓ જીવ બચાવવા માટે એક ટેમ્પામાં બેસીને દેલોલથી કાલોલ મુકામે આવવા રવાના થયેલા. એ અરસામાં કાલોલ હાઈવે સ્થિત અંબીકા સોસાયટીના નાકાના ગરનાળા પાસે આવતા રોડ ઉપર હીન્દુ કોમના ૩૦૦ થી ૪૦૦ માણસોના ટોળાએ રોડ પર રેતી ભરેલા પીપડાની આડસો ઉભી રાખી હથિયારો અને જ્વલનશીલ પ્રવાહીના કારબા સાથે કરેલા હુમલા દરમ્યાન ગરનાળા પાસે ટેમ્પો પલ્ટી ખાતા ટેમ્પોમાંથી બહાર નીકળતા સમયે થયેલા ઘાતકી હુમલામાં લઘુમતી કોમના ૧૧ વ્યક્તિઓના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.

જયારે ૧૮ જેટલી વ્યક્તિઓ ગુમ થયેલા અને ગુમ થયેલા પૈકીના એક મહિલા પર કથિત દુષ્કર્મ ગુજાર્યો હોવાની ચકચારી ઘટના અંગેની પોલીસ તપાસ અને નિવેદનોને આધારે કાલોલ પોલીસે તત્કાલીન સમયે શકમંદ એવા ૪૮ આરોપીઓ વિરુદ્ધ કાલોલ પોલીસ મથકે વિવિધ ધારાઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. હાલોલ જ્યુડિશયલ સેશન્સ કોર્ટની રાહે સમગ્ર કેસની તપાસ હાથ ધરવામાં આવી હતી.અત્રે નોંધનીય છે કે જે ફરિયાદને આધારે તત્કાલીન સમયે જ કાલોલ પોલીસે ૩૯ આરોપીઓની અટકાયત કરીને કાચા કામના કેદીઓ તરીકે તમામ આરોપીઓને કાલોલ, હાલોલ અને ગોધરાની સબ જેલમાં ધકેલી દેવાયા હતા.

જે આરોપીઓએ જેલવાસ દરમ્યાન કોર્ટની રાહે જામીન મેળવીને વચગાળાનો છુટકારો મેળવ્યો હતો. કોર્ટ કાર્યવાહી દરમ્યાન ૧ પીએસઆઈ, કોર્પોરેટર, પ્રોફેસર સહિત ૧૨ જણા મૃત્યુ પામ્યા હતા અને ૨૭ જણા જીવીત રહ્યા હતા. આમ પાછલા ૨૦ વર્ષથી ચાલેલી ન્યાયિક તપાસ બાદ જજે ચુકાદો આપતા તમામ ૩૯ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

કાલોલ તાલુકાના ઉપરોક્ત ઘટનાના દેલોલ કાંડમાં પણ ચાલુ વર્ષે જાન્યુઆરીમાં જ હાલોલ સેશન્સ કોર્ટ દ્વારા ૨૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરતો ચુકાદો આપ્યો હતો. જે ચુકાદાના બે મહિના બાદ વધુ એક કેસમાં ૩૩૯ આરોપીઓ નિર્દોષ જાહેર થયા છે. આમ આ કેસની લડત લડતા કાલોલના વિજયભાઈ પાઠક, એન.વી પટેલ, બી.સી ત્રિવેદી, એમ.આઈ. રશીદ, એ.આઈ. મહારાઉલજી, નિરજ જૈન, પરિમલ પાઠક, ગોપાલસિંહ સોંલકી જેવા નામી વકીલોએ લડત આપી હતી.

## વેજલપુર પોલીસે ચલાલી ચોકડી ઉપર વાહન ચેકીંગ દરમિયાન ચોરીની બાઈક, મોબાઈલ ફોન સાથે રીઢા ગુનેગારને ઝડપ્યો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ મથકનો સ્ટાફ ચલાલી ચોકડી ઉપર વાહન ચેકીંગમાં હતા. દરમિયાન સપ્લેન્ડર બાઈક લઈને પસાર થતા ઈસમને રોકી પુછપરછ કરી હતી અને ઈ-ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત આરોપીનો ફોટો નાખી ચેકીંગ કરતાં આરોપી ઘરફોડ ચોરીમાં સંડોવાયલ હોય અને બાઈક લુણાવાડા બસ સ્ટેશન પાસેથી ચોરી કર્યાની કબુલાત કરતાં આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ વેજલપુર પોલીસ મથકનો સ્ટાફ ચલાલી ચોકડી પાસે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન સપ્લેન્ડર બાઈક લઈને પસાર થતા ઈસમને રોકવામાં આવ્યો હતો. પુછપરછ કરતાં રીઝવાન ઈબ્રાહીમ શબુરીયા (રહે. ગેની પ્લોટ, ગોધરા) જણાવેલ હતું. પોલીસે પકડાયેલ ઈસમનો ભુતકાળ તપાસવા ઈ-ગુજરાપ પ્રોજેકટ અંતર્ગત એપ્લીકેશનમાં આરોપીના ફોટો પાઠી અપલોડ કરતાં આરોપી વિરૂદ્ધ ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હામાં દાખલ થયેલ હોવાનું જણાઈ આવ્યું હતું. બાઈક નંબર જીજે.૧૭.એએ.૭૫૩૨ ના કાગળો માંગતા તેણે બાઈક લુણાવાડા બસ સ્ટેન્ડ ખાતે થી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા પકડાયેલ ઈસમની અંગઝડતી, મોબાઈલ ફોન મળ્યો તે સહયોગ હોટલ પાસે પંચરની દુકાન માંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ વેજલપુર પોલીસે બાઈક અને મોબાઈલ ચોરીના બે ગુન્હા ડીટેકટ કર્યા અને અગાઉ ૧૦ ગુન્હાઓમાં સંડોવાયેલ રીઢા ગુનેગારને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. કોરોના પોઝીટીવ દર્દીઓને હોમઆઈસોલેટ કરવામાં આવ્યા છે. પ્રતિદિન જીલ્લામાં કોરોનાના દર્દીઓ જે રીતે વધી રહ્યા છે. તે જોતાં જીલ્લાવાસીઓ સર્તકતા રાખે તે જરૂરી છે.

પંચમહાલ જીલ્લામાં થોડા મહિનાની રાહતદર બાદ કોરોના પોઝીટીવ કેસ સામે આવી રહ્યા છે. જીલ્લામાં કોરોના પોઝીટીવી કેસ આવતાં આરોગ્ય તંત્ર પૂનઃ સક્રિય અને સર્તક બન્યું છે. આજરોજ જીલ્લામાં ગોધરા શહેર-૧, ગોધરા ગ્રામ્ય-૧ અને મોરવા(હ)-૧ મળી કુલ ૩ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. કોરોના પોઝીટીવ દર્દીઓને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જ્યારે જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ આવી રહ્યા છે. ત્યારે જીલ્લાવાસીઓ સર્તકતા રાખે તે જરૂરી છે.

## ઘોઘંબાના ડોક્ટર દંપતીનએ દિકરીનો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબાના પ્રસિદ્ધ અને સેવા ભાવના ધરાવતા ડોકટર દંપત્તિ દ્વારા તેમની દીકરીના જન્મદિવસને અનોખી રીતે ઉજવી સમાજને શીખ આપી હતી. પોતાના વિનાયક હોસ્પિટલ એન્ડ વેટરનીટી હોસ્પિટલ ખાતે દીકરીના જન્મદિવસના પ્રસંગને લઈને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી ગરીબ તથા જરૂરિયાતમંદ દર્દીઓને સરળતાથી બ્લડ મળી રહે તે પણ માત્ર સામાન્ય ખર્ચથી તેવા શુભ આશય સાથે યોજવામાં આવેલ કેમ્પમાં ૫૦ યુનિટ બ્લડ ભેગું કરવામાં આવ્યું હતું. ડોક્ટર વેનિસ પંચાલ તેમના પત્ની ડોક્ટર બીનાબેન પંચાલ તેમની લાડકી દીકરી કેયા પંચાલની ત્રીજી વર્ષગાંઠ સમાજને ઉપયોગી થાય તથા દર્દીઓને મદદરૂપ થવાના આશય સાથે ઉજવવામાં આવી હતી. આ વખતે બ્લડ ડોનેટ કરનાર ડોનરો દ્વારા દીકરી કેયાને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને ડોક્ટર દંપત્તિને તેમની સેવા કિયા પ્રવૃત્તિ માટે અભિનંદન પાઠવ્યા હતા.

## કતવારા પોલીસે ખેંગ ગામેથી રૂા.૩,૫૭૬ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

દાહોદ,

કતવારા પોલીસ તારીખ ૧ ૪ ૨૦૨૩ ના રોજ કતવારા પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળ્યા હતા તે સમયે ખેંગ ગામ તરફ આવતા પોલીસને બાતમી મળી હતી કે ખેંગ ગામ તરફ ચીખલીયા ફળિયા જવાના રોડ ઉપર એક ઈસમ થેલામાં ઇંગ્લિશ દારૂ ભરી અને રોડની બાજુમાં આવી રહ્યો છે. તેવી બાતમી હકીકતના આધારે કતવારા પોલીસે ખેંગ ગામના ચીખલીયા ફળિયામાં વોચ ગોઠવી ઉભા હતા. તે દરમિયાન તે બાતમી વાલો ઈસમ દેખવા મળતા તેના થેલામાં તલાસી હાથ ધરતા તેના થેલા માંથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેની કિંમત ૩,૫૭૬ રૂપિયાનો વિદેશી દારૂ કબજે કરી અને તે ઈસમનું નામ પૂછતા કમેશ ઉર્ફે તોલા તાજસીંગ ગુંડીયા રહેવાસી ખેંગ ચીખલીયા ફળિયા દાહોદનો હોવાનું જણાવ્યું હતું. ત્યારે કતવારા પોલીસે દારૂનો જથ્થાનો કબજો મેળવી અને તે ઈસમ સામે પ્રોહી અંગેનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## દાહોદ જિલ્લા ભાજપના દરેક કાર્યકર્તા માટે ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે CPR તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરના ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે ગુજરાત રાજ્ય ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલના માર્ગદર્શન હેઠળ આજે તા.૦૨/૦૪/૨૦૨૩ ને રવિવારના રોજ દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને CPR તાલીમ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઝાયડસ હોસ્પિટલ ખાતે યોજાયેલ CPR તાલીમ આપવાના કાર્યકર્મમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લાના તેમજ તાલુકાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તમામએ ''સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન'' અંતર્ગત તાલીમનો લાભ લીધો હતો. જે કાર્યકર્તાઓએ ભાગ લીધો એ તમામ કાર્યકર્તાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા પ્રમુખ શંકરભાઈ આમલિયાર, જિલ્લા મહામંત્રી નરેન્દ્ર સોની, સ્નેહલ ધરિયા, જિલ્લા પંચાયત પ્રમૂખ શિતલ બેન વાઘેલા, દાહોદ તાલુકા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ગરબાડા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ તાલુકા ભાજપ પ્રમૂખ મુકેશભાઈ લબાના, હિમાંશુ પંચાલ, નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, ભાજપ શહેર પ્રમુખ પ્રશાંતભાઈ દેસાઈ, મહામંત્રી અર્પિલ શાહ, દાહોદ શહેર યુવા મોરચા મહામંત્રી અલય દરજી, દાહોદ ડોકટર સેલના સંયોજક ડો.કે.આર. ડામોર તેમજ જિલ્લાના, તાલુકાના અને શહેરના હોદ્દેદાર - કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અને આ તાલીમ ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

## ગોધરાના કંકુ થાંભલા ગામ પાસે ટ્રેકટર ચાલક અચાનક બ્રેક મારતાં ટ્રેક્ટર માંથી નીચે પડેલ યુવાન ઉપર ટાયર ચડી જતાં મોત

ગોધરા,

ગોધરા તાલુકાના કંકુ થાંભલા ગામે નાડા ગોધરા રોડ ઉપર ટ્રેક્ટર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અચાનક બ્રેક મારતાં ટ્રેક્ટરમાં બેઠેલ ૨૫ વર્ષીય યુવાનને નીચે પાડી ટ્રેક્ટર ટ્રોલીનું ટાયર ચડાવી મોત નિપજાવી નાશી જઈ ગુન્હો કર્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કંકુ થાંભલા ગામે નાડા ગોધરા રોડ ઉપરથી પસાર થતાં ટ્રેકટર નંબર જીજે.૧૭.સીએ.૩૬૯૧ ને પુરઝડપે હંકારતા હોય અને ટ્રેક્ટરને અચાનક બ્રેક મારતાં ટ્રેક્ટરમાં બેઠેલ લાલાભાઈ ચિમનભાઈ નાયક ઉ.વ.૨૫ને ટ્રેક્ટર માંથી પાડી દઈ ટ્રેક્ટરની ટ્રોલીનું ટાયર પેટ ઉપર ચડાવી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગરબાડા તાલુકાના નળવાઈ ગામે ફોર વ્હીલર ચાલકે રોડની સાઈડમાં પાર્ક કરેલ વાહનોને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો

ગરબાડા,

ગરબાડા તાલુકાના નળવાઇ ગામે સાંજના સમયે ગરબાડા ગાંગરડી રોડની બાજુ પંચર પડેલ ડી.જે. પાર્ક કરેલ હતો અને તેની પાછળ બે મોટર સાયકલ તેમજ એક રિક્ષા પાર્ક કરેલ હતા. જેને અચાનક એક ફોર વ્હીલર ચાલક દ્વારા પુર ઝડપે આવી અડફેટે લેતાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને મોટર સાયકલોનું કચુંબર બની ગયું હતું અને રિક્ષાને આગળના ભાગે ભારે નુકશાન પહોચ્યું હતું. અકસ્માતમાં રિક્ષા ચાલક તેમજ અન્ય બે વ્યકિતઓને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતની જાણ થતાં ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી રસ્તા પર થયેલ ટ્રાફિક દૂર કરી અકસ્માત સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વેજલપુર-કાલોલ રોડ એકલવ્ય સ્કુલ પાસે બાઈક ચાલક બીજી બાઈકને ટકકર મારી પાડી દેતાં બાઈક પાછળ બેઠેલ મહિલાનું મોત

ગોધરા,

કાલોલ-વેજલપુર હાઈવે રોડ ઉપર એકલવ્ય સ્કુલની સામે બાઈક ચાલક બીજી બાઈકને પાછળથી ટક્કર મારી બાઈક નીચે પાડી દેતાં બાઈક પાછળ બેઠેલ મહિલાને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ-વેજલપુર હાઈવે રોડ ઉપર એકલવ્ય સ્કુલની સામેથી પસાર થતી બાઈક નં.જીજે.૨૦.એઆર.૫૧૦૩ એ પુરઝડપે હંકારી લાવી બાઈક નં. જીજે.૧૭. બીઆર. ૭૨૨૪ ને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જતા બાઈક ચાલક લાલાભાઈ વિઠ્ઠલભાઈ સોલંકીની પાછળ બેઠેલ ભાવનાબેનને પાડી દેતાં ભાવનાબેનને માથાના ભાગે અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર દરમિયાન ભાવનાબેનનું મોત નિપજાવા પામ્યું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## દાહોદના ગમલા ગામના હાઈવે ઉપર અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત એકને ઈજાઓ પહોંચી પોલીસ ફરિયાદ નોંધાઈ

દાહોદ,

તા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજ મદયપ્રદેશના રંભાપૂર ગામના ગામતળ ફળીયાના શંકરભાઈ સાડીયાભાઈ નીનામા MP-45-MS-0810 નંબરની મોટરસાયકલ લઈને બાઈકના પાછળના ભાગે તેમના ફલીયામાં રહેતા સડીયાભાઈ મગનભાઈ નાયકને બેસાડી આ બન્ને લોકો મોટરસાયકલ લઈને કોઈ કામ અર્થે દાહોદ જવા માટે નીકળ્યા હતા ત્યારે જાલત ગામ નજીક અજાણ્યા વાહનના ચાલકે ગફલત ભરી રીતે વાહન હંકારી લાવી તેમની મોટરસાયકલ સાથે ધડાકા ભેર ટક્કર મારતા તે મોટર સાયકલ પર સવાર બંને ઈસમો રોડ ઉપર ફંગોલાયા હતા. જેમાંથી ફરિયાદીના પિતા શંકરભાઈ સડિયા ભાઈ નિનામાને હાથે પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે મોટરસાયકલની પાછળ બેઠેલા સડીયાભાઈ મગનભાઈ નાયકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. ત્યારે ઈજાગ્રસ્તને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ઈસમના પુત્ર નગીનભાઈ શંકરભાઈ નીનામાએ કતવારા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરૂધ અકસ્માત અંગેનો ગુનો નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે અકસ્માત અંગેનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.